THE LIFE

OF

SIR CAWASJI JEHANGIR

THE THIRD PARSEE BARONET.

સર કાવશજી જેહાંગીર

"બેરોનેટ" નો અમોરી ખેતાબ પામેલા ત્રીજા પારસી શેઠયા,
એવણની જીંદગીનો હેવાલ--સબી સાથે.

(સને ૧૨૭૮ નાં ઝોરાસ્ત્રીયન કેલેન્ડર ઉપરથી)

છાપી પ્રગટ કરનાર

મનચેરજી હોશંગજી જાગોશ.

મુંબઈ

ચંદનવાડી નંબર ૧૪૧ વાલાં ઘેરમાં

મુંબઈ વર્તમાન પ્રેસમાં છાપીને પ્રગટ કીધું છે.

કીંમત રૂ. ૦।

યઝદેજરદી સને ૧૨૭૮.

ઈશવી સને ૧'

સર જેહાંગીરજી કાવશજી રેડીમની,

“બારોનેટ”નો ખેતાબ પામેલા ત્રીજા શેઠીઆ.



જનમ્યા—રોજ ૧૬ મો મેહેર માહા ૯ મો આદર શેહેનશાહી સને ૧૨૨૨ યઝદેજરદી, તારીખ ૮ મી જુન સને ૧૮૫૩ ઇસવી. સંવત ૧૯૦૯ ના જેઠ શુદ ૨ ને વાર બુધ.

પરણ્યા—રોજ ૨ જો બેહમન માહા ૭ મો મેહેર શેહેનશાહી સને ૧૨૪૫ યઝદેજરદી, તારીખ ૨૦ મી માર્ચ સને ૧૮૭૬ ઇસવી. સંવત ૧૯૩૨ ના ફાગણ વદ ૧૦ ને વાર સોમ.

સર નાઈટ થયા—રોજ ૧૮ મો રસના માહા ૧૦ મો દેહ શેહેનશાહી સને ૧૨૬૪ યઝદેજરદી, તારીખ ૩૦ મી જુન સને ૧૮૯૫ ઇસવી. સંવત ૧૯૫૧ ના અખાડ શુદ ૮ ને વાર રવી.

બારોનેટ થયા—રોજ ૧૭ મો સરોશ માહા ૧૦ મો દેહ શેહેનશાહી સને ૧૨૭૭ યઝદેજરદી, તારીખ ૨૬ મી જુન સને ૧૯૦૮ ઇસવી. સંવત ૧૯૬૪ ના જેઠ વદ ૧૩ ને વાર શુક્ર.

સર જેહાંગીર કાવશજી રેડીમની—

"બેરોનેટ"નો અમીરી ખેતાબ પામેલા ત્રીજા પારસી શેઠયા.

યઝદેજરદી સને ૧૨૭૭ નાં ગુજસતે સાલે પારસી કોમને એક નવીન વધામણી આપી છે. પારસી કોમ એક નહાનામાં નાહાની જેવી હોવા છતાં તેમનામાં એ વરસે એક ત્રીજા બેરોનેટ વધ્યા છે; એના જેવી ખુશાલી અને હરખ ઉપજાવનારી બાબદ બીજી થોડીજ ગણાય છે. એ વરસનાં બનેલા બધા બનાવોમાં આપણા એક આગેવાન પારસી જરથોસ્તી શેઠિયા, સર જેહાંગીર કાવસજી નાઇટને આપણા મહા પ્રતાપી, પુન્યશાલી, બખ્તાવર શેહનશાહ. નામદાર કીંગ એડવર્ડ સાતમાએ બખ્શેલા "બેરોનેટ" ના અમીરી ખેતાબનો બનાવ, વાજબી રીતે પહેલી જગા લેશે અને સોનેરી અક્ષરે નોંધાશે. પ્રતાપી બ્રિટીશ રાજય તરફથી નામવર શેનશાહની શાલગરેહ જેવે શુભ અવસરે આ દેશના દેશીઓને મલતાં માન-અકરામ તથા ખેતાબોમાં ચઢતાંમાં ચઢતો ખેતાબ "બેરોનેટ" નોજ છે, જે સર નાઇટના ખેતાબની પેઠે સપર પહેલો મેલવવાને એક પારસી મહા-પુરૂષજ, મરહુમ પહેલા સર જમશેદજી જીજીભાઈ ભાયગશાલી થયા હતા, અને તેથી માત્ર આ તથા ઈંગલંડ દેશોમાંજ નહી પણ ચોખુણુ પૃથ્વીમાં પારસી નામ તથા પારસી કીર્તીનો ડંકો ધમધમી રહયો હતો. એ બનાવ બનવાનો—યાને પારસી કોમમાં પેહલવેહલો બેરોનેટનો ખેતાબ સર જમશેદજી જીજીભાઇને મલવાનો દીવસ તા૦ ૨૪ મી મેએ ૧૮૫૭ નો છે, કે જે દીને નામદાર માહારાણી વીકટોરીઆની શેઆલગરીની ખુશાલીમાં હેવા ખેતાબો વેંહચાયા હતા. એ પછી ૩૩) તેતરીશ વરસની મુદતે સને ૧૮૯૦ માં નામદાર કયસરે હીન્દની તરફથી સર દીનશાજી માંણેકજી પીટીટ જેવા એક બુજરોગ માનવંત સખી નરને બેરોનેટનો ખેતાબ બીજા પારસી શેઠયા તરીકે મલ્યો હતો. તે મુદતને બીજા બે દાહેકા પુરા નહી થતાં યાને ૧૮ અઢાર વરસની બીજી ટુક મુદત દરમયાંન ચાલતા ઇસવી સને ૧૯૦૮ અથવા યઝદેજરદી સને ૧૨૭૭ નાં વરસમાં પારસી કોમના એક બીજા ઉપર લખેલા નામવાલા રેડીમની ખાનદાંનનાં સર જાંહાંગીર કાવશજી, પારસી કોમમાં ત્રીજા બેરોનેટ તરીકે ઉમેરાવાને ભાયગશાલી નીવડયા છે. એ રીતે બ્રીટીશ હકુમતનાં રાજ અમલ હેઠે પચાશ વરસની અરધી સદીમાં ત્રણ પારસી શેઠયાઓ "બેરોનેટ" જેવું માનવંત અને મોટામાં મોટું ઉમરાવપદ પામી ચુકા છે. એ બનાવ પારસી કોમ માટે થોડો માનવંત ગણાતો નથી. સને ૧૯૦૮ નાં જુન માસની ૨૬ મી તારીખે નામદાર શેહનશાહની શાલગરેહ ગુજારવામાં આવી—તે દીને વેંહચાયલા નાહાના મોટા ખેતાબોમાં આ ભાયગવંત ધણી સર જાંહાંગીર કાવશજી રેડીમનીને "બેરોનેટ" ના ખેતાબથી નવાજવામાં આવયા છે. એ દીને વેલાતના ઉમરાવો અને બીજા ખેતાબોનું લીસ્ટ જે ઈંગલંડનાં ગવરમેંટ ગેજેટમાં છપાયું છે, અને જેનો ટેલીગરામ તેજ દીને અતરે આવ્યો હતો તેમાં આ મુબારક નામ આ ઉમરાવી ખેતાબ મેલવવા પામેલું જણાયું હતું.

એ બનાવ પારસી કોમ માટે ખચીત મોટો હરખ ઉપજાવનાર તથા શુકર ગુજારી કરવા જોગ છે. એ માન જે જે પારસી નરોને મલ્યું છે તે, મુખ્યત્વે તેમની હાતમ દીલ સખાવતના પ્રતાપે કિવા તેના બદલામાં, તેમ બ્રિટીશ રાજ તાજ તરફની પારસી કોમની અણહદ વફાદારીની પિછાનમાં મલેલું ગણાય છે; અને હવડાં સર જેહાંગીર કાવસજી રેડીમનીએ તે મેલવીને જેમ પારસી નામની કીર્તીમાં ઉમેરો કીધો છે, તેમ ગોયા દેખાડી આપ્યું છે કે, પારસી દેલાનો સખાવત તથા વફાદારીનો જાતી ખવાસ હજુ જેવોનો તેવો અચલ તથા અંમર છે.

બેરોનેટનો ખેતાબ મેલવનારાં પહેલાં બે પારસી ખાનદાનો જેમ પોતાની પાદશાહી દોલત તથા હાતમ દીલ સખાવત માટે જગપ્રસીધ છે, તેમ આપણા નવા બેરોનેટ સર જેહાંગીર કાવસજીનું " રેડીમની " ખાનદાન પણ તેવુંજ જગ આશકાર છે. એમના કાકા મરહુમ સર કાવસજી જેહાંગીર જેમના વંશમાં એકાદ બેટાની વૃધી થયલી ન હતી તેમના એવણ પાલક પુત્ર તથા ગાદી વારેસ થાય છે. મરહુમ સર કાવશજી જાંહાંગીર નાઇટે પોતાની હઇઆતીમાં એકંદર સતર લાખ રૂપ્યાની સખાવત કરી " રેડીમની " અટકને પુરેપુરી ખરી પાડવા જોડે તેની કીર્તી તથા જાહોજલાલી વધારી હતી, અને તે ઉપરાંત " નાઈટ " નો ખેતાબ પણ મેલવ્યો હતો. હાલના સર જેહાંગીર કાવસજી રેડીમની જેમ તે મરહુમની દોલત તથા ગાદીના વારેસ થયા, તેમ તેઓના સખી દીલગુરદાના પણ ગોયા વારેસ થયા. મરહુમ સર કાવસજી બેહેસ્તનશીન થવા સાથ એક તરફ તેમની દુનતી સખાવતનો જરો બંધ પડયો, કે તરતજ બીજી તરફ સર જેહાંગીરની સખાવતનો નવો ઝરો ચાલુ થયો, જે ફુદકેને ધ્રુસ્કે ઉછલતો ને વધતોજ જાય છે, અને તે પોતે વધવા જોડે ખુદ સર જેહાંગીરને પણ માન મરતબા તથા ખેતાબમાં વધારયાજ કરે છે. પ્રથમ સન ૧૮૫૫ની ૩૦ મી જુને તેમને નાઈતહુડનો ખેતાબ મલ્યો હતો, કે જે ઈંગલંડમાં અને ખુદ મરહુમ મહારાણી વિકટોરયાના બખ્તાવર હાથેજ તેમને અરપન થયો હતો. તે પછી પણ એમની સખાવત વધતીજ ગઈ, જેનો એકંદર જુમલો તેર લાખ રૂપ્યાનો થવા જાય છે, અને મરહુમ સર કાવસજીની સતર લાખની સખાવતને સાથે ગણતાં રેડીમનીનાં કુટંબની જુમલે સખાવત ત્રીસ લાખ રૂપ્યાનો સુંદર આંકડો આપણી નજર સનમુખ રજુ કરે છે. એવી પાદશાહી સખાવત કરનાર નર કિંવા ખાનદાન, બેરોનેટનો ખેતાબ પામે તેમાં નવાઇ કાંઈ નથી. નામદાર શેહનશાહ એડવર્ડ તથા તેમની અદલ સરકારે એમાં કાંઇજ નહી પણ એક " લાયકને લાયક માન" બખશયું છે, અને તે માટે પારસી કોમ તેમની સદા હેસાનમંદ તથા દુવાગુજાર રહે છે.

મરહુમ સર કાવશજી જાંહાંગીર રેડીમની સી. એસ. આઇ; જેવોનો જનમ સને ૧૮૧૨માં થયલો, તેવો પોતાની ૬૭ વરશની ઉમરે રોજ ૩જે માહા ૧૧મો સને ૧૨૪૭ યજદેજરદી,-તારીખ ૧૯ મી જુલાઇ સને ૧૮૭૮ ને દીને ગુજરયા હતા-તેવો આપણી મુંબઇ ટાપુના એક નામીચા જાણીતા વેપારી હતા, અને અતરેની ઘણીક મોટી અંગરેજી વેપારી પેહડીઓ, બેંકો વીગરેનાં જાહેર ખાતાંઓ સાથે શરાફીનો ધંધો કરીને મહશુર થયલા હતા. તેવો સાહેબ પણ પારસી કોમમાં એક સખાવતી શેઠયા થઈ ગયા છે, અને ઉપર કહયું તેમ પોતાની હઇયાતી દરમયાન જે સતર લાખ જેવી પાદશાહી સખાવત કરી ગયા છે, તેમાં મુંબઇનો યુનીવરસીટી હાલ એક લાખનો. સુરતની કીલ્લા ચોક આગલની મોટી પોનો લાખ રૂપીઆનાં ખરચની સર કાવશજી જાંહાંગીર શીવીલ હાસપીટાલ, પુણાની ઈનજીનીઅરીંગ કાલેજ, નવસારીની સર કાવશજી જાંહાંગીર મદરેશા, ગંદેવીની ઈંગલીશ સ્કુલ અને દવાખાનું, મુંબઈની ખેતવાડીની છોકરીઓની સ્કુલ, મુંબઇની ગરાંટ મેડીકલ કાલેજ સાથની આંખની હાસપીટાલ, જેને માટે શવા લાખની રકમ આપેલી, એલફીનશટન કાલેજની ઇમારત માટે બે લાખ, શીંધ હેદરાબાદમાં બંધાવેલી દીવાનશાલા અને ફરાંનશ, જરમનીની લડાઇમાં જખમી થયલાઓને મદદ કરવા મોકલેલા હજારો રૂપીઆ, વીગરે વીગરે મુખ્ય સખાવતી અને ધરમી કામોનાં સથંબો આજબી તેમની જાહેર કારકીરદીની યાદગારી દાખલ ઉભેલાં છે. એ ૧૭) લાખની તેમની સખાવતમાં મુખ્ય કરીને ઉપલી સુરતની મોટી હાસપીટાલ ઉપરાંત બીજી હાસપીટાલો, દવાખાના વીગરે માટે પોણા ત્રણ લાખની ઉપર, ગરીબોને આશરો આપવા માટે તેટલીજ રકમ, કેલવણી ખાતાંઓ-સ્કુલો કાલેજો માટે પાંચ લાખની ઉપર, કુવા-તળાવો, વીગરેના પાણીનાં બાંધકામો પાછલ ત્રણ લાખની ઉપર, અને આગ, વરાલ, રેલ, દુકાલનાં આફતકારી કામોં માટે પોણા લાખની તથા બીજી પરચુટણ જાહેર સખાવત ચઉદથી પંદર લાખની અને ખાનગી સખાવત નજદીક ત્રણ લાખની મલીને તેમની હઇયાતીમાં થયલી સખાવતનો આંકડો ખાસો સતર લાખની ગણત્રીનો ગણાયો હતો. એમના હેવા સખાવતી ગુણોને લીધે તથા પ્રજા શેવાની પીછાનમાં

નામદાર સરકારે તેમને સને ૧૮૬૯ માં સી. આઈ. ઇ. યાને કમપેનીયન ઑફ્ ધી સટાર ઑફ્ ઇનડયાનો અને તે પછી સને ૧૮૭૨ માં સર નાઇટનો ખેતાબ બક્ષયો હતો—વીગરે તેવો ઘણાંક જાહેર ખાતાંનાં ઓધાઓ અને અમલપર નેમાયલા હતા–પણ માઠાં ભાગ્યે નાદરૂસત તબીયતને લીધે જાહેરમાં ભાગ લેવાને બનતું નહી હતું, તે એટલાવેર કે નામદાર માહારાણીનાં સાહેબજાદા પ્રીનસ આફ્ વેલસ તે હાલનાં આપના નામવર શેનશાહ સાતમાં એડવરડ જ્યારે મુંબઈની પધરામણીએ આવેલા ત્યારે તે પાદશાહી ઉમરાવની મુલાકાતનું માન મરહુમને આપવાને આપના સતાવાલાઓએ ખાહેશ કીધેલી પણ એવો સાહેબની ઉપર કહેલી નાજુક હાલતને લીધે હાવું પાદશાહી માન મલતુ ઉપકાર સાથે મેલવવા ના પાડયાથી તે રહી ગયું હતું. તેમજ નામદાર ગવરનરની કાઉનશીલનાં એક મેમબર દાખલ નેમાવાની પણ વકી હતી, પણ તે સરકારી માંગણી પણ એજ ચઉદ વરસની સંધીવા અને નજલાની માંદગીને બીછાંને પડેલા હોવાથી સવીકારી શકાઈ નહી હતી.

મરહુમ સર કાવશજી જાંહાંગીર રેડીમનીનાં મરણ વખતે તેમનાં એક ભાઇ શેઠ હીરજીભાઈ જાંહાંગીર રેડીમની જેવો પણ આપણી ટાપુના એક નામીચા વેપારી અને શ્રીમંત શેઠયા હતા તેમના પુત્રનાં છોકરા શેઠ જાંહાંગીર તે હાલનાં સર જાંહાંગીર રેડીમનીને સર કાવશજીએ પોતાના દતપુત્ર કરી લીધા હતા. એવો સાહેબ પોતાના લખોપતી પીતાના ગાદી વારેશ ઠયા પછે એવોની જાહેર કારકીરદીની શરૂઆત થાવા માંડી છે. અને એક સખીદેલ શેઠયાના વારેસોબી સખી દેલ નીવડે એ કેહેતી મુજબ તેવોએબી અત્યાર આગમજનું સખાવતમાં તથા બીજાં પરમારથી પ્રજાનાં તથા કોમી કામોમાં શારૂ નામ કાઢીને અચ્છી કીરતી મેલવી છે. એવો શાહેબનાં મોટા દેલની શાહદત તરીકે સર જાહાંગીરનો " રેડીમની હાઉસ " વાલો ભવય બંગલો મોટી પારટીઓ આપવા માટે સારીપેઠે જાણીતો થયલો છે. ૧૮૯૩માં સર જહાંગીરે મુંબઇના માજી ગવરનર સર જેમસ ફરગયુસનના માનમાં એક પારટી કરી હતી, તેમજ લોરડ ડફરીન હીંદથી વીદાય થયા તે વેળાએ પણ તેવણે રેડીમની હાઉસમાં એક પારટી આપી હતી. લોરડ ડફરીનને સર જહાંગીર અને સર મનચેરજી મેહરવાનજી ભાવનગરીએ આવકાર આપયો હતો, તેમજ ઇરાની સાહીતયના ઓલમા પ્રો૦ ડારમસટેટર ઇંગલંડ વીદાય થયા હતા તે વેળા પણ તેવણને એક પારટી આપી હતી; જે વેળાએ હાજર રહેલાઓમાં લોરડ રેઝબરી અને તેવણના બાનુ, સર વીલયમ વેડરબરન, મી૦ દાદાભાઇ નવરોજજી, સર મનચેરજી ભાવનગરી વગેરે હાજર હતા. મુંબઇના ગવરનર તરીકે લોરડ હેરીસ નેમાયા તે વેળા તેવણને મુબારકબાદી આપનારૂ એક ખાણું લંડનમાં વસતા હીંદીવાનો તરફથી આપવામાં આવયું હતું જે વેળાએ સર જહાંગીરે માનપત્ર વાંચી સંભળાવયું હતું; તેમજ લોરડ હેરીસને ઇંગલંડમાં એક પારટી આપી હતી. માજી ગવરનર લોરડ રે ઇંગલંડ પાછા વીદાય થયા તે વખતે તેવણને કોરનવોલ મેનશનમાં સર જહાંગીરે એક ખાણું આપયું હતું. જે પ્રસંગે હાજર રહેલાઓમાં મરહુમ ગલેડસતન, લોરડ રીપન, મી૦ દાદાભાઇ નવરોજી વગેરે હતા. ડયુક ઑફ કોનાટે એ પ્રસંગે સર જહાંગીરને વીંડસર કેસતલમાં બોલાવી માન આપયુ હતુ અને માલબરો હાઉસની ગારડન પારટીમાં સર જહાંગીરની ઓલખ મરહુમ નામદાર માહરાણી સાથ નામદાર શહેનશાહ એડવરડે કરાવી હતી.

હાલના સર જાંગીરજીનો જનમ રોજ ૧૬ મો મેહર માહા ૯ મો આદર સને ૧૨૨૨ યજદેજરદી–તારીખ ૮ મી જુન સને ૧૮૫૩–સંવત ૧૯૦૯નાં જેઠ સુદ ૨ ને બુધને દીને થયો હતો. તેવણે પ્રોપ્રાયતરી–સ્કુલમાં ઇંગ્રેજી કેલવણી મી૦ હોરમજી જાંગીર તાલીઆરખાન જેવા બાહોશ શીક્ષકના હાથ હેઠલ લઇને મેટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કીધી, ને પછી વધુ અભીઆસ સારૂ એલફીનસ્ટન કાલેજમાં જોડાયા હતા. મરહુમ પેહલા સર કાવશજીના ગુજરવાબાદ હાલના સર જાંગીરજી ધંધામાં પડીઆ, ને તેવણનું ધીઆન મીલ ઉદ્યોગ તરફ ખેંચાયું. પેહલાં એવણે મરહુમ શેઠ મેરવાનજી જીજીભાઇ દાદાભાઇના શાહેબજાદાઓ સાથે મલીને

જુબીલી મીલ સ્થાપી; ત્યાર પછી જમાનાની ગીરદસ્તમાં આવી ગયલા મેશરશ બી. એન્ડ એ. હોરમારજીના હાથમાંથી જ્યારે કુરલા મીલની એજનસી ગઈ તે વખતે મીલોનો વખત ખરાબ હોવાથી કોઇએ તેમાં ઝુભલાવાનું દરશત ધારીયું નહી તેવે વખતે સર જાંહાંગીર બાહાર પડીઆ ને તે મીલના મોટી રકમના શેર વેચાતા લઇને પોતે તેના એજન્ટ થયા, ને તેવણની કાલજી ભરેલી ખંત તથા કરકસરના વેહેવારથી મીલ નફો કરતી થઈ, ને ભાગીદારોને વીઆજ મલવા ઉપરાંત એવણને તેના કમીશનમાં લખો રૂપીઆ મલીઆ. ગયા ડાયકામાં જે વખતે મીલોનો વખત ઘણો બારીક આવ્યો હતો તે વખતે જ્યારે બીજા શ્રીમંતો બીચકી ગયા તેવે વખતે એ શેઠે દુરઅંદેશી વાપરી લખો રૂપીઆ મીલોના મારગેજ ઉપર સારા વીઆજે ધીરીઆ, ને તેમાં મોટો નફો કરયો. એવણ બીજે સરારી ધંધો કરે છે, ને એમ કેહેવાય છે કે એવણ પોતાની આંટ ઉપર મોટી રકમ વેલાતથી ઘણે ઓછે વીઆજે લાવેચ ને તે ઉપર હાઇઆં મોટું વીઆજ પેદા કરે છે. જ્યારે બીજાઓ ફક્ત મોજ શોખને ખાતર વેલાત જાય છે ત્યારે એવણ પોતાના મોહોરદાર લેડી જાંગીર સાથે ૧૦) વખત વેલાત જઇ આવ્યા છે, ને દરેક વખતે કઇને કઈ પોતાના લાભનું કરતા આવ્યા છે. એ રીતે સર જાંહાંગીર પોતાની જાહેર ઝીંદગીમાં ઝીપલાવ્યા પછી એક તરફથી જેમ પોતાનાં ધંધા-ધાપાનું ફાયદાનું કામકાજ કરતા રહેઆ છે, તેમ બીજી તરફથી પ્રજા પયારાં અને કોમ ઉપયોગી કામોમાં પણ આગેવાની લેવાને પછાત પડતા નથી—એ તેમને થોડું માન ભરેલું નથી. હેવા એમનાં કોમ ઉપયોગી કામનો એક જાણવાજોગ દાખલો હવડાંજ આપણને જણાયો છે, અને તે કામમાં એક અજબ સંજોગ મલતો એ આવ્યો છે—કે—જેમ એકવાર મરહુમ સર કાવશજી જાંહાંગીર પોતે પોતાની કોમના અગતનાં કામ વચે પડીને મરહુમ ત્રીજા બેરોનેટની વખતે તેમને કોમના વડા ઠેડવવાની કામમાં કઇ ભાંજગડ નીકલી હતી; પણ મરહુમ શેઠ કાવશજીએ તેમનાં વડપણ ઠેડવવાની આગેવાની પોતાને માથે લઇને શમાધાંની કરી આપી હતી અને તેથી તે વેલાએ તેવો સાહેબ જેમ ટોલાના માનીતા થઈ પડયા હતા. તેવોજ આબેહુબ બનાવ હવડાં આપના આ નવાં બેરોનેટ સર જાંહાંગીરનાં વખતમાંબી બનવા પાંમયો છે, અને તેમાં પણ એવો સાહેબ જબરૂ માન ખાટી ગયા છે. એ મુજબ બાપ દીકરા બંને જણા વખત આવતાં પારસી કોમનાં વડા અથવા પ્રમુખ ઠેડવવાની હીલચાલમાં આગેવાંની ભરયો ભાગ બજાવાથી એ દાખલા જેટલા ખુશી થવા જોગ તેટલાજ માનને લાયક ગણાયા છે. એ રીતે મરહુમ સર કાવશજી જેમ હમકોમની દાઝ રાખી તક મલતાં તેની બેહતરીનાં કામમાં ભાગ લેતા હતા, તેમ સર જેહાંગીર પણ વરતતા જણાય છે, જેનો પ્રત્યક્ષ, ખુશી થવા જોગ તથા નોંધી રાખવા લાયક દાખલો હમણાંજ બન્યો છે. મરહુમ સર જમશેદજી જીજીભાઇ ચોથા બારોનેટનાં મરણ પછી પારસી અનજુમનના પ્રમુખ તરીકેની તેમની ખાલી પડેલી જગાએ તેમના ગાદીનશીન સર જમશેદજી જીજીભાઇ પાંચમાં બેરોનેટને નેમવાની હીલચાલ થતાં, કોમના એક નાના ભાગે તે સામે વાંધો ઉઠાવ્યાથી જે એક નાખુશ જઘડો કોમમાં બરપા થવા જેવું હતું, અને જે આગલ વધતાં ટોલામાં તડ પડવાની ધાસ્તી બરપા થઇ હતી, તે બનાવ એક સારી સમજુતીથી થોડાજ દહાડામાં બંધ પડી ગયો છે, અને સર જમશેદજી પાંચમાં બેરોનેટ ગયા જુલાઇ માસની તા૦ ૨૬ મીને દીને સાંજે મલેલી પારસી જરથોસ્તી અનજુમનની દબદબા ભરેલી મહાન સભામાં, પુરતી એકદીલી તથા એકમતીથી પારસી અનજુમનના પ્રમુખ નેમાયા છે, એ રૂડું પરિણામ કોના પ્રયાસને મુખ્યત્વે આભારી છે? પારશીઓ એકકે અવાજે ને એહસાન સાથે બોલે છે, અને તે વાજબીજ છે કે, સર જેહાંગીર કાવશજી રેડીમનીની કાલજી તથા કારસાજીથી એ રૂડું પરિણામ નીપજ્યું છે. અને તે કેમ? જેવું આ ભાંજધડનું મુલ રોપાયું, છાપામાં તેની ચરચા ચાલુ થઈ, અને વિરૂધ પક્ષે પ્રોટેસ્ટ તઇયાર કરી તે ઉપર સહીઓ લેવા માંડી, કે સર જેહાંગીર કાવશજી રેડીમનીએ પોતાનાં ખરાં નામ સાથ છાપામાં બાહેર પડી સાવચેતીનું રણશીંગડું ફુકયું, તેવોએ પારસી જેવી

નાની કોમમાં આવા એક બનાવ માટે આમ જધડો જાગે તે સામે નાપસંદગી બતાવી તેમણે એવી સુચના કીધી કે, કોમનાં બંને પક્ષના આગેવાન ગૃહસ્થોએ સાથે મલી ખાનગી રીતે મસલેહત ચલાવી સમજુતીથી એ વાંધાનો નિવેડો આણવો જોઇયે. આમ સુચના કરીનેજ તેઓ બેશી રહયા નહી, પણ તે ઉપર અમલ કરી કામ બજાવવાનો રૂડો દાખલો પણ તેમણેજ આપ્યો. તરતજ તેમણે પોતાનાં આલીશાન મકાનમાં બંને પક્ષના આગેવાનોને નોતરયા; તેઓ વચ્ચે ખાનગીમાં મસલેહત ચાલી, એને માટે એવો સાહેબે પોતાને બંગલે આપણી કોમના કેટલાક નામાકીત આગેવાનો જેવા કે—નામદાર જશટીશ શેઠ દીનશા ધનજીભાઈ દાવર, સર ફીરોજશા મેરવાનજી મેહતા બારીસટર, શેઠ નવરોજી માણેકજી વાહાડયાજી સી. આઇ. ઈ. અને તેવાજ બીજા કેટલાક માનવંત ગૃહસ્થોને બોલાવીને તથા તેમાંના જશટીશ દાવર સાહેબને પોતાની સાથે સર જમશેદજી પાંચમાં બેરોનેટને બંગલે જાવાની તસ્દી લઇને સઘલી વાતચીત અને પછી ગોઠવણ કરીને હેવું નકી કરી લીધું કે બને બોરડુવાલા સાહેબોનું મન મનાવીને, અનજુમનની સભા માટે એક હેવો ઠેડાવ નકી કરી લીધો કે જેનાથી એ સભામાં સર પાંચમાં બેરોનેટ આખી અનજુમનની રાજી રજાવંદીથી કોમના પ્રમુખ વરીકે પસાર થઇ ચુકા છે. અને વકકી પ્રમાણે તેનું શેવટ સમાધાનીમાં આવ્યું, કે જે, એવા એક દરજજાદાર, દીલસોજ શેઠયાની આગેવાની તથા કારસાજી વીના બીજી કોઈ રીતે આવવું મુશકેલ હતું. સર જેહાંગીર રેડીમનીએ આ કટોકટ વખતે બજાવેલી કોમની સેવા અસાધારણ છે, અને તે માટે તેઓ ખરેજ કોમના ઉપકારને લાયક થયા છે.

સર જેહાંગીર ગયા એપરીલ માસમાં પોતાનાં કુટુંબ સહીત ચીન તથા જેપાનની સફરે સીધારીયા હતા—તે મુશાફરી દરમયાન તા૦ ૨ જી એપરેલ ૧૯૦૮ ને દીને શ્રી હાંગકાંગ ખાતે ઈંગલીશ મેલની સટીમર "દેવેના" મધે પોતાના કુટંબ શાથે જઇ લાગા હતા, તેવારે તેઓને આવકાર આપવાને હાંગકાંગની પારસી કોમના વડા શેઠયા મી૦ હોરમસજી નવરોજી મોદી, શેઠો ટાટા સનસ એનડ કમપનીના મેનેજર મી૦ બેજનજી દાદાભાઈ ટાટા, તથા બીજા કેટલાક શેહેરીઓ પધારયા હતા, તે વેળાએ ત્યાના કેટલાક પારસી બીરાદરો તરફથી નીચલું "અરજ પત્રક" આ માનવંતા શેઠને પુગાડવામાં આવ્યું હતું:—

"નેકનામ માનવંતા સાહેબ, સર કાવસજી જેહાંગીરે રેડીમની નાઇટ, જોગ, સેવામાં.

"આપણુના બખતાવર નામ અને સખાવતી ભરયા કામો માટે ચીનની પારસી કોમ વખાણુની નજરે જુએ છે. મહા ચીન માટેની પધરામણી માટે અતરેની પારસી કોમ આપણુને અને આપણુના માનવંતા કુટુમબને ચીનાઇ ભુમીની મુલાકાત માટે આવકાર આપે છે, અને ઇચ્છે છે કે આપણુની સફર મુબારક થાવો અને નેક ધારેલી મુરાદો સફલ નીવડો.

"આપણા જેવા માંનવંત શ્રીમંત શેઠયાઓની ચીન અને જાપાન માટેની સફરો ઘણી જુજ થતી જોવામાં આવે છે. ચીન અને જાપાનની ભુમીઓ તરફની પધરામણી માટે અતરેની નાનકડી પારસી કોમ હરખ સાથ આવકાર દેય છે. અકાબર શેઠયાઓની "ચીનની મુસાફરી" ચીનની તવારીખોમાં નોંધાયલી જોવામાં આવે છે. તેજ મુવાફેક આપણી મુબારક સફર વધુ યાદગાર બનાવવા કાજે આપણુનું જ્ઞાનપુરવક ધયાન ખેંચવા પારસી કોમના કેટલાક અદના ભાઇઓ તરફથી નીચલી બાબદ માટે અરજ કરવા નમનતાઇ ભરી સુચના કરે છે.

"અત્રેનું એક પુરૂ પારસી પંચાયતનું મકાન ગયે સાલ અકસમાતીક ટુટી પડવા બાદ થોડો, વધુ ખરચ કરી, છાપરાં વીગેરેની મરામત કરી વપરાસ માટે સમારકામ કરયું છે. જે મકાન માટેની બાબદ આપે સાંભલેલી હોવી જોઈએ, તે આજની આપણુની પધરામણીથી તે મકાન જોવાને આપને તક મલશે. એક નવું વધુ સગવડ સાથનું મકાન મેલવવા હાલમાં આપણી કોમ ઇચ્છે છે. અત્રેના શ્રીમંત શેઠયા, શેઠ હોરમસજી નવરોજી મોદી ઉપરાંત એક બીજા આગેવાની ભાગ લેતા

માનવંત શેઠીયા મી૦ ધનજીભાઇ સોરાબજી દાદીબરજોર આ બાબત તરફ બેહદ દીલસોજ લાગણી ધરાવે છે. ચીન ભુમીની માન ભરી પધરામણી અને આ બખતાવર સફરની પયાર ભરી યાદ જાલવી રાખવાની આ રીતી તરફ માનપુરવક ધયાન ખેંચવાની આપણને અરજ કરવામાં આવે છે. આ પુનવંતુ કામ આપણના નામદાર નામના યાદ કાયમ રહેલી જોઈ ચીનની પારસી કોમ બેશક હરખાઈ રહેશે."

ઉપલી ચીનની મુશાફરીથી પાછા ફરતાં બારોનેટનો ખેતાબ મલવાની રૂડી વધાઇ તેવણને મલી હતી. એ ખેતાબ સને ૧૯૦૮ના જુન માસની તા૦ ૨૬ મીએ નામદાર શેહનશાહ શાતમા એડવરડની શાલગરેહને દીને અપાયલા ખેતાબોના લીસટમાં અપાયો હતો, અને તેની સનદ હવે પછી એવોને મલશે. એ ખેતાબની જાલવણીને માટે જેમ બીજા આગલા બેરોનેટ સાહેબોએ બેરોનેટસીના કાયદાની રૂહે પચીસ લાખ રૂપીઆની રકમ દર બેરોનેટના ખેતાબ ધરાવનાર વારશને બ્યાજ મલયું જવા માટે હલાયદી કાટી છે તેમ એવો શાહેબ પણ તેટલીજ રકમ કાઢવાનો ઇરાદો રાખે છે.

હાલનાં શર જાંગીરજીને શને ૧૮૭૯માં સરકાર તરફથી જસ્તીસ ઓફ ધી પીસ તથા એજ ટાંકણે મુંબઇ યુનીવરસીટીના ફેલો નેમવામાં આવ્યા હતા, ત્યાર બાદ એવણને પારસી મેત્રીમોનીયલ કોરટના ડેલીગેત ચુંટી કહાડવામાં આવ્યા હતા, એ ઉપરાંત એવણને બબે વખત મ્યુનીસીપાલ કારપોરેશનમાં મેમબર ચુંટી કહાડવામાં આવ્યા હતા. શને ૧૮૯૫ના વરશમાં એવણને નાઇતહુડનો ખેતાબ મલ્યો. મુંબઈના મ્યુઝીયમ કમીટીમાં સરકાર તરફથી એવનને એક મેમબર કરવામાં આવીઆ છે.

એવણની એજનસી હેઠલ ચાલતી કુરલા તથા જુબીલી મીલોમાં ડીરેકટર હોવા ઉપરાંત એવણ તાતા આયર્ન કુ. માં, બેંક ઓફ ઇન્ડીઆમાં તથા ન્યુ સીટી મીલમાં ડીરેકટર છે, ને ઉપલા બેઉ ખાતાં સ્થાપવામાં એવણે આગેવાન ભાગ લીધો છે, ને તે બેઉ ખાતાંઓને ધીકતાં કરવામાં ઘણી ખંતથી ભાગ લે છે. એ સીવાએ ઘણાએક ધરમખાતાં જે મરહુમ સર કાવશજીના નામ સાથે જોડાયલાં છે, તેમાં તથા બીજા ધરમખાતાઓમાં એવણ ત્રસ્તી તરીકે કામ કરે છે. એવોએ પોતાના મરહુમ બેશીઓની મજગામ ખાતેની દરેમેહર જે અશલ જગો શાટી ઇમપરૂવમેંટે વેચાતી લીધાથી ખશેડવી પડી છે તે પાછી મજગાંમમાંજ બાંધી આપી છે.

ઉપલી દરેહમેહરની ઇમારત મુંબઇના પોરટ ત્રસ્ટે ખરીદી લેવાથી એથી થોડે દુર મજગામમાં મતારપાખડી તરફ ગનપાઉડર રોડ ઉપર સર જાહાંગીર કાવશજી જાહાંગીર રેડીમની બારોનેટે હાલમાં નવી બંધાવી આપેલી દરેહમેહર ઇજાવીને તેમાં જુની દરેહમેરના આતશઆદરીયાન સાહેબને લાવી પરઠવવાની ક્રીયા રોજ ૩ જો માહા ૧૧મો સને ૧૨૭૭ યજદેજરદીને દીને કરીને એ દરેહમેહર સરવે જરથોસ્તીઓના વપરાસ માટે ખુલ્લી મેલવામાં આવી હતી. એ વખતે સર જાહાંગીર તથા લેડી જાહાંગીરબી હાજર થયાં હતાં. આતશ આદરાનના કેબલાને તખતનશીન કરવા પછી જશનની ક્રીયા નાયબ દસ્તુરજી રૂશતમજી એદલજી સનજાણાની આગેવાની હેઠળ કરવામાં આવ્યા બાદ દસ્તુરજી રૂશતમજીએ એ વખતને અનુસરતી એક અસરકારક વાયજ કીધી હતી. જે પછી એરવદ દોરાબજી બરજોરજી કાંગાએ નીચલો હેવાલ અગીઆરીના માલેકના હુકમથી વાંચી સંભળાવયો હતો- તેમાં નામદાર સર જાહાંગીરજી કાવશજીએ જણાવયું હતું કે " હમારા માંનવંતા વડીલ મુરબીજી બેહેસ્તનશીન સર કાવશજી જહાંગીરની શ્રી મજગામ ખાતેની દરેમેહેરવાળી ઇમારત મુંબઇના પોરટ ત્રસ્ટે સારવજનીક કામ સારૂ બે વરસની વાત ઉપર ખરીદી લીધી, ને તે લતા ઉપરની બીજી ઘણી ઇમારતો પણ લઇ લીધી, જેથી કરીને તે તરફ દરેમેહેરની જરૂર રહી નહીં, તેથી હમોએ કોઇ બીજે ઠેકાણે નવી દરેમેહેર બાંધવાનો વીચાર કીધો ને દેવલાલી મધે શેઠ નવરોજજી સોરાબજી તલાટીએ એ કામને માટે જમીનનો કટકો મુફત આપયો હતો. પણ તેટલાં મજગામમાં વસ્તા જરથોસ્તીઓ તરફથી શેઠ એદલજી સોરાબજી દાવરની આગેવાની હેઠળ દોઢસો ઉપર સહીની એક અરજી હમોને મળી, જેમાં એવી અરજ

ગુજારવામાં આવી હતી કે હમારે મઝગામમાંજ એ દરેમેહેર બાંધવી કારણકે તે તરફની જરથોસ્તી-ઓની વસ્તીને, મુખ્ય કરીને શહેનશાહીઓને એવાં મકાન વગર આપદા ખમવી પડશે તેથી તથા બીજા સબબોને લીધે હમોને દેવલાલીમાં દરેમેહેર બાંધવા ઉપરથી હાથ ઉઠાવવો પડયો ને શેઠ પેસ્તનજી નશરવાનજી ગોદીવાળાએ પોતાની માલેકીની જમીન મધેથી અગીઆરીના ખપમાં આવે તેટલી જમીન ચોકસ સરતે વંશપરંપરા આપવાથી દરેમેહેર આ જગા ઉપર બાંધવાનું નકી થયું, ને આજ દીને હમારા મુરબીજી બેહેસ્તનશીન સર કાવશજી જહાંગીરની ૩૦) મા વરસની બાજના દીવસે આ દરીઆન સાહેબના નુરી કેબલાને તખતનશીન કીધા છે. એ દરેમેહેરના નીભાવ માટે પણ હમોએ ઘટતો બંદોબસ્ત કીધો છે; કે જેથી જાથુક સુધી તેનો નીભાવ બરાબર થાય, ને શુકર કરીએ છીએ તે પરવરદેગારના કે આજ દીને હમો મજગામના જરથોસ્તીઓની એક ખુટ પાછી પુરી પાડવાને શકતીવાન થયા છીએ. આ તકે બેહસ્તનશીન શેઠ ફરામજી નશરવાનજી પટેલની દરેમેહેરના ત્રસ્ટી સાહેબોએ એ મકાનમાં હમારા આદરીઆન સાહેબને નજદીક બે વરસ સુધી જગાની સગવડ કરી આપી રાખવા દીધા તેટલા માટે તેઓનો જાહેરમાં ઉપકાર માનતાં હમોને ઘણીજ ખુશહાલી ઉપજે છે, તે સાથે શેઠ પેસ્તનજી નસરવાનજી ગોદીવાળાએ પોતાની કીમતી જગામાંથી આ મકાનને વાસ્તે ઉપર જણાવેલી સરતે એક કટકો આપયો તે માટે તેવણનો પણ આ તકે જાહેરમાં ઉપકાર માનું છું. ને એ શેઠે આ નવા આદરીઆનની લગોલગ ગરીબ જરથોસ્તીઓને વાસ્તે સસતાં ભાડાનાં મકાનો બાંધવા માડયાં છે, તે મકાનમાં આવી વસ્તા જરથોસ્તીઓ તથા મજગામ ખાતેના બધા જરથો-સ્તીઓ એ દરેમહેરનો સરઅવસરે મોટો ઉપયોગ કરશે એવી આશા રાખું છું." આ પત્ર વંચાઈ રહેવા બાદ ફુલ પાન લઈ મીજલસ બરખાસ્ત થઈ હતી.

નસીબદેવીએ યારી આપીઆથી સર જાંહાંગીરે પોતાના ધંધામાં મોટી દોલત ભેગી કીધી; ને આસ્તે આસ્તે તેવણનો સખાવતનો ઝરો દોલતના વધવા સાથે ચાલુ થયો. તેઓએ પોતાની કારકીરદીની સરૂઆતમાંજ પોતાની કોમના વપરાસ અર્થે નજદીક છ હજારવાર કીમતી જમીન જે પારસીઓના દોખમાંની ધણીજ નજદીક આવેલી હતી, તે પારસી પંચાયતને બક્ષીશ કીધી જેની આજે લગભગ એક લાખ રૂપીઆની કીમત ગણાય છે. તે વખતે દોખમાંની નજદીક બીજા શેઠીઆઓની પણ જગા હતી, જે તેઓએ પંચાએત પાસેથી બીજી જગા લઇને અદલબદલ કરી આપી હતી, પણ એ શેઠે એક પણ પઈનું દામ લીધા વગર પોતાની દોખમાના કમપાઉન્ડની નજદીકની જગા ઉપર મુજબ આપી દીધી હતી. જે વાત હાલના ઘણા પારસીઓને ખબર પણ નહીં હશે.

સર કાવશજીની અતયાર વેરની મુખ્ય સખાવતો નીચે મુજબ છે. જેનો આંકડો લગભગ રૂ ૧૧,૮૩,૧૫૦) થવા જાય છે. તેમાં મુખય સખાવતોમાંઃ—ચાર લાખની તો એકી તગરે આપેલી સાયનસની કેમીકલ લેબોરેટરી સથાપવાની મોટી રકમનીજ છે, જેની હકીકત પણ જાંણવાજોગ છે; તે એમ કે છેલા આપણી યુનીવરશીટીની કોનવોકેશનના મેલાવડા વખતે પ્રમુખસથાને બીરાજેલા મુંબઇના નામદાર ગવરનર સર જયોરજ કલારકે ભાશાંણ કરતાં શખી દાતારોને સુચના કરી હતી કે કોઈ સખી નર રસાયણ વીગરેનાં શાસ્ત્રોનો પ્રયોગ શીખવવાની એકુ કોલેજ સથાપેતો ઘણુ બેહતર થાય. સર જાંગીરનાં જાણવામાં એ વાત આવતાંજ એને માટે તુરતજ ચાર લાખ જેવી એક જબરી રકમ નામદાર ગવરનરને શોંપી દીધી હતી જે જોઇ તે નામદારને પણ પુરણ આનંદ થયલો હોવો જોઈએ કે જાહેર અપીલ કરતાંજ તેનો હાવો સરસ જવાબ મલી આવેઓ છે. જેવી એ રકમ ઉતમ કેલવણી ખાતાંને માટે અપાયલીછે તેવીજ એકબીજી મોટી રકમ પણ કેલવણીને લગતીજ એવો શાહેબ તરફથી અપાઈ છે. તે એ કે મુંબઇ શહેરમાં યુનીવરશીટીની મારફતની મેટરીકીક્યુલેશન વીગેરેની લેવાતી દર વરશની પરીક્ષાઓને માટેનું કોઇ ચોકશ મકાન નહી હોવાથી પરીક્ષામાં બેશનારા હજારોની શંખયાબંધ વીદ્યારથીઓને ભર તડકાંમાં અથવા ખુલા મેદાનમાં નાંખેલા એક માંડવામાં બેશવું પડતું હતું.

જાથુકની અને હમેશાની આબદા ટાળવાને યાને પરીક્ષા લેવાનુ એક જાથુકનું મકાંન બાંધવાને સર જાહાંગીરજી કાવશજી રેડીમનીએ ગયે વરશે પેહલાં સવા બે લાખ આપવા જણાવ્યા હતા પણ તેટલી રકમ એ એક્ઝામીનેશન હાલને માટે બશ નહી પડવાથી તેમાં બીજા એક લાખ ઉમેરીને હવડાં બેરો-નેટ થયા પછે સવાત્રણુ લાખની મોટી રકમ કરી આપી છે. એની શાથે વેલાતનાં ઈમપીરીઅલ ઇનશ-ટીટયુટ માટે બે લાખની રકમ એવોએ અગાઉ આપેલી હતી. શને ૧૯૦૭માં મુંબઈના નામદાર ગવરનર લારડ લેમીંગટનની વીદાયગીરી વખતે એક લાખ રૂપીઆની રકમ તેમનાં હાથમાં આપી હતી, કે તે નામદારે તેમાંથી પોતાને ગમે તે ધરમખાતાંમાં આપવી તે મુજબ ને નામદારે રૂ ૫૦૦૦૦) પ્રીનશ ઓફ વેલસ મીયુઝીઅયમાં, રૂ ૪૫૦૦૦ કામા હાસપીટાલમાં અને રૂ૫૦૦૦ એડમ વાયલી હાસપીટલમાં વેંહચી આપી હતી. હેવી હેવી એમની બીજી મોટી નાહાની સખાવતી નોંધ નીચે આપેલી વીગતમાંથી માલમ પડશે.

સર જાંહાંગીર કાવસજી રેડીમનીની સખાવતની વીગતઃ—

		રૂપીઆ.
સાયનટીફીક કેમીકલ લેબોરેટરી બાંધવા તથા તેમાં ઘટતાં ઓજારો અને બીજી શામ-ગીરીઓ પુરી પાડવા સારૂ નામદાર મુંબઇની સરકારને સને ૧૯૦૮માં આપેલા.		૪,૦૦,૦૦૦
યુનીવરસીટી એક્ઝાંમીનેશન હોલ (સર કાવશજી જાંગીર હોલ) બાંધવા સારૂ નામદાર સરકારને		૩,૨૫,૦૦૦
જાંગીર હોલ ઈમપીરીયલ ઇનસ્ટીટયુટ (લંડન) માં બાંધવાને આપેલા.... ...		૨,૦૦,૦૦૦
નામદાર ગવરનર લોરડ લેમીંગટનને સને ૧૯૦૭ માં તેમની રવાનગી વખતે આપેલા તેમાંથી તે નામદારે નીચે મુજબ વેહેંચી આપેલા.		
પ્રીનસ ઓફ વેલસ મ્યુઝીયમમાં.	રૂ ૫૦,૦૦૦	૧,૦૦,૦૦૦
કામા ઇસ્પીટાલમાં.	,, ૪૫,૦૦૦	
એડમ વાયલી ઇસ્પીટાલમાં.	,, ૫,૦૦૦	
સર કા૦ જા૦ આંખની ઈસ્પીટાલમાં વારડ બાંધવા		૩૦,૦૦૦
સર કા૦ જા૦ ગરલ સ્કુલ (મુંબઈ)		૧૨,૦૦૦
સર કા૦ જાંગીરનાં ઉઠીઆણામાં જુદા જુદા પારસી ધરમખાતામાં આપેલા ...		૧૦,૦૦૦
વેલાતમાં ગંભીર માંદગીમાંથી ફારેગ થયા તેની સુકર ગુજારીમાં પારસી ફંડોમાં આપ્યા		૧૦,૦૦૦
સર કા૦ જા૦ ગનદેવી સ્કુલ		૭,૦૦૦
એલફીનસ્ટન કોલેજ લાઇબ્રેરીમાં ફરનીચર મુકાવયું તેના...		૫,૦૦૦
મુંબઇ યુનીવરસીટીમાં એ૦ મી૦ ગીબસનાં નામનું ઇનામ સ્થાપવા... ...		૫,૦૦૦
સર કા૦ જાં૦ નવસારી સ્કુલ જુબીલી ફંડમાં		૩,૦૦૦
પારસી પલેગ રીલીફ ફંડમાં		૨,૫૦૦
સર કા૦ જાં૦ નવશારી મદરેશામાં		૨,૦૦૦
મુંબઈ ઇલાકાના દુકાલ ફંડમાં		૨,૦૦૦
પારસી સુવાવડખાનાની ઈસ્પીટાલમાં		૧,૦૦૦
સર દીનશા મા૦ પીટીટ (પહેલા) મેમોરીયલ ફંડ		૧,૦૦૦
પારસી ગરલસ એસોશીએશન ફંડ		૧,૦૦૦
કુવીન વીકટોરીઆ મેમોરીયલ હોલમાં (કલકતા)		૧,૦૦૦
સર લારન્સ જેનકીનસ મેમોરીયલ ફંડમાં		૧,૦૦૦
ડા૦ માસીના હાસ્પીટાલમાં		૧,૦૦૦
પારસી જનરલ હાસ્પીટાલમાં		૧,૦૦૦

એકવરથ લેપર હોમ ફંડ	૫૦૦
લીવરપુલની ગરમ મુલકોના દરદોની શોધ કરવાના ફંડમાં	૫૦૦
સર જમશેદજી જીજીભાઈ (ત્રીજા) મેમોરીયલ ફંડ...	૫૦૦
શેઠ ખરશેદજી ફરદુનજી મેમોરીયલ ફંડ	૫૦૦
શેઠ નશરવાનજી મા૦ પીટીટ મેમોરીયલ ફંડ	૫૦૦
સર વીલીઅમ વેડરબરન ટેસ્ટીમોનીયલ ફંડ	૫૦૦
પારસી જીમખાના ફંડ.	૫૦૦
મી૦ દાદાભાઇ નવરોજી ટેસ્ટીમોનીયલ ફંડ	૫૦૦
સર જોરજ બરડવુદ બસ્ટ ફંડ	૫૦૦
ડા૦ બ્લેની મેમોરીયલ ફંડ	૫૦૦
સર જે૦ જે૦ હોસ્પીટાલ નરસીંગ ફંડ	૫૦૦
ફીરોજપોર પુલ બાંધવાના ફંડમાં	૫૦૦
મેડીકલ કોનફરનસ ફંડ	૫૦૦
સનડરી ચેરીટી રૂ. ૫૦૦) ની અંદર	૬,૬૫૦
	૧૧,૩૩,૬૫૦
પારસી પંચાયતને બક્ષીશ કીધેલી જમીન જેની હાલની કીંમત આગલ પાછલની જમીન જોતાં રૂ. ૧,૦૦,૦૦૦) ની થવા જાય છે તેની કીંમત આએ લીસ્ટમાં.	૫૦,૦૦૦
એકંદર રૂ.	૧૧,૮૩,૬૫૦

આપણા ટોલાના આ ત્રીજા બેરોનેટ ઉમરાવને આ વિષયમાં અમે જો કે તેમનાં જનમ નામ " જહાંગીર કાવશજી રેડીમની " થી લખ્યા યા જણાવ્યા છે, તો પણ અત્રે યાદ આપવી જોઈએ કે, બેરોનેટ થયા પછી તેઓએ એ નામને બદલે પોતાના મરહુમ મુરબ્બીનું મુબારક નામ ધારણ કરી પોતાને " કાવસજી જેહાંગીર રેડીમની " નાં નામે ઓલખાવવાનું પસંદ કરયું છે, અને તેમ કરીને પોતાનાં વડીલનાં નામને હંમેશને માટે અમર રાખ્યું છે. એઓ જાતે બાહોશ, ઉંચી કેલવણી પામેલા, સુધરેલા વિચારના, અને તે સાથે ધર્મી એતેકાદના છે, અને અનેકવાર વેલાતની મુસાફરી તથા દુન્યાના જુદા જુદા ભાગોના લંબાણ પ્રવાશ કરી, પોતાનાં જ્ઞાન તથા અનુભવમાં બહોલો વધારો કર્યો છે. એમની જીંદગી તથા કારકીર્દી જેમ સખાવતના ઝરાથી તેમ ઘણા અગત્યના બનાવોથી ભરપુર તથા ફલદ્રુપ છે, જે તેમનાં આ જોડેના જન્મ ચરિત્રના સારથી વાંચનારાઓને જાણમાં આવશે. એવોએ એ પરમાણે પોતાનાં બદલેલાં નામને માટે જે જાહેર નોટીશ મુંબઇના શરકારી ગેઝેટમાં તથા બીજાં વરતમાન પત્રોમાં પરગટ કરી છે તે આ મુજબની છે:—

"NOTICE–ખબર–હું હેઠળ સહી કરનાર જહાંગીર કાવસજી જહાંગીર મલબાર હીલ ઉપર આવેલાં રેડીમની હાઉસ મધ્યે રહું છું તે જે સઘળાઓને લાગતું વળગતું હોય તેઓને અતરેથી જાહેર કરું છું કે જહાંગીર કાવસજી જહાંગીર અને જે૦ કાવસજી જહાંગીરનાં નામો જે મેં અત્યાર સુધી ધારણ કરયાં હતાં તેને બદલે મેં પોતે કાવસજી જહાંગીરનું નામ ધારણ કરયું છે અને હવે પછી સઘળે વખતે કાવસજી જહાંગીરના નામથી ઓળખાઈશ અને હરકોઇ સઘળા પ્રસંગોએ હું મારા પોતાનું તેજ નામ આપીશ, ધારણ કરીશ અને લખીશ. જે૦ કાવશજી જહાંગીર."

સર જાહાંગીર કાવશજી રેડીમનીની સેહાદી લેડી બાઈ ધનબાઈજી તે આપણી ટાપુનાં એક માંનવંત અને વીખયાત કુટુંબનાં નખીરી બાઇ ધનબાઇજી તે શેઠ અરદેશર હોરમજી વાહડીઆજીનાં બેટી સાથે રોજ ૨ જો માહા ૭ મો શને ૧૨૪૫ યઝદેજરદી, તારીખ ૨૦ મી મારચ

૧૮૭૬, સંવત ૧૯૩૨ ના ફાગણ વદ ૧૦ ને સોમવારને દીને થઇ હતી જેનાં પરતાપથી એમને એક બેટો શેઠ કાવશજી જેવણનો જનમ રોજ ૨૮ મો માહા ૫ મો સને ૧૨૪૮ યઝદેજરદી, તા૦ ૧૪ મી ફેબરવારી ૧૮૭૯, સવંત ૧૯૫૩ ના માહા વદ ૮ ને શુકરવારે થયો હતો તેવણ હવડાં પોતાની ઓગણત્રીસ વરશની ઉમરે જવાંન જીંદગી ગુજારે છે, તેવણ તથા બે બેટીઓ મલીને એમને ત્રણ ફરજંદોની વરધી થઈ છે. આ એક પુરા ચંચલ જેહનનાં બેટા શેઠ કાવશજીને તથા તેમનાં માંનવંત પીતાને યાને બંને બાપ બેટાને આ ટુંક હેવાલોની આખરીએ આપણ ખરાં જીગરથી મુબારકબાદી ઇચ્છીશું અને ચાહીશું કે આ માનવંત ખેતાબ લાંબી મુદત વેર ભોગવીને પોતાનાં નામવર કુલને દીપાયમાન કરવા સાથે તથા બીજા ઘણાંક પ્રમારથી કાંમો બજાવીને પોતાની કોમ અને પ્રજાનું હીત મેલવવા ખરા ભાયગશાલી નીવડો—આમીન !

લેડી ધનબાઇની જાહેર કારકીરદી.

ઉપર કહેલાં સર જાહાંગીર સાથે શેહાદીથી જોડાયલાં ભલાં અને નેક મોહોરદાર લેડી ધનબાઇજીની જાહેર કારકીરદીબી ખરેજ વખાંણને પાત્ર નીવડી છે; કે જેવાં એક સદગુણી બાઇનો સંબંધ જોડાયા વગર આ જનમ ચરીત્ર પરીપુરણ ગણાતુ નથી; અને તેથી લેડી ધનબાઇને લગતી જે ટુંક હકીકત અતરે જણાવવી દરશત ધારીએ છે, તે ઉપરથી જણાશે કે લેડી ધનબાઇ જેમ એક માતબર તથા સખી શાસરીયાના માનવંત વહુ છે, તેમ તેવાંજ એક શ્રીમંત તથા પરમાર્થી મહીરાં ઘરના માનવંત પુત્રી પણ છે. મરહુમ માનવંત સખીદસ્ત શેઠ અરદેશર હોરમજજી વહાડયાનાં તેઓ પુત્રી થાય છે, એવણનો જનમ રોજ ૧૪ મો માહા ૩ જો સને ૧૨૩૦ યઝદેજરદી, તા૦ ૬ ડી ડીસેમબર ૧૮૬૦, સંવત ૧૯૧૭ ના કારતક વદ ૮ ને બેસપતવારે થયો હતો. એ રીતે તેઓ જન્મથીજ મોટાઇ, માન, સુખ તથા જાહોજલાલીનો ઇર્ષા કરવા જોગ વારસો પામેલાં છે. તેઓ જાતે બાહોશ-ગુજરાતી સાથે અંગ્રેજી ઉંચી કેલવણી પામેલાં, સુધરેલા વિચારનાં, ઘર, મંડલ તથા સોસાયટીને સણગાર આપનારાં "એકોમ્પલીશડ લેડી" છે, અને "મોટે ઘરનાં બાઈ સાહેબ"ની પેઠે આઇતાંપર કોઇટું મારી ફક્ત એશ આરામ તથા આલસાઇ ટેંહકરાઈમાં જીંદગી ન ગુમાવતાં, પોતાના માતબર ખાવીંદના બહોલા વહિવટમાં "એકટીવ" ભાગ લેવા સાથે બાનુઓને બરનાં લોકોપયોગી કામોમાં આગેવાન ભાગ લઇ પોતાની જીંદગીનો રૂડો ઉપયોગ કરે છે. જાતે તેઓ દયાલુ ને પરમાર્થી છે, અને પોતે સખાવત કરવા ઉપરાંત પોતાના ખાવીંદને તેમનાં સખાવતી કામમાં સરસ સલાહ તથા ઉતેજન આપતાં રહે છે. કહે છે કે, સર જેહાંગીરની ઘણીક સખાવત તેમનાં ભલાં મોહરદારની રૂડી સલાહને આભારી છે. બાનુઓને લાયકની લગભગ સર્વે જાહેર હીલચાલોમાં ભાગ લેવા છતાં, લેડી ધનબાઈ પોતાની કોમનું કલ્યાણ હંમેશ હઇડે રાખે છે. સુધરેલા વિચારનાં, સુધરેલાં મંડલોમાં ફરનારા યુરોપ્યનોના સમાગમોમાં પુરતી રીતે આવેલાં તથા સુધરેલા દેશોમાં ફરેલાં અને વસેલાં છતાં તેઓએ પોતામાં પારસીપણું, પારસી ખાસીઅત તથા કોમ અભીમાન સરસ રીતે જાલવી રાખ્યાં છે. એટલુંજ નહી પણ તેઓ ધરમચુસ્ત છે, અને ધરમનાં ક્રિયા ભણતરો તરફ પણ એવો ભકતીભાવ રાખે છે, કે જેવો ભકતીભાવ એવી સ્થીતીનાં બીજા પારસી બાઇઓમાં આજે કવચીતજ જોવામાં આવે છે. અંગ્રેજી ભણી સુધરેલા બનેલા કેટલાક પારસી ગ્રહસ્થો તથા બાનુઓ જયારે સુધારાનાં નામની ખોટી ધુંદમાં પોતાના ધર્મના પવિત્ર કેબલાને સદંતર વિસારી બેઠેલાં જણાય છે, ત્યારે આ ખરેખરાં સુધરેલાં બાનું પોતાના આ માંનવત કેબલા તરફ એટલું માન તથા જાનફેશાની ધરાવે છે, કે જયારે પોતે વેલાત જાય છે અને ત્યાંથી પાછાં ફરે છે ત્યારે પ્રથમ આતશબેહરામ જઈ પાક કેબલાને નમન કરવાની પોતાની પહેલી ફરજ વિચારે છે. તેમની જીંદગી, તેમની રહેણી કરણી, તેમની જાહેર કારકીર્દી, તેમની સખાવત તથા તેમની લાયકી ખરેજ નમુનેદાર, અને બીજી પારસી બાનુઓ માટે નકલ કરવા જોગ છે.

લેડી જાંહાંગીર ઉપયોગી કામોમાં અને માંનવંતા મેલાવડાઓમાં કેવાં નામવર નીવડે છે, તેનો માત્ર એકજ મુખ્ય દાખલો આપવો બસ છે. શને ૧૯૦૫ના નવેમબર માશની ૯ મી તારીખે આપણી ટાપુમાં આપણાં નામવર બ્રિટીશ રાજયનાં પાટવી કુવર પ્રીનસ આફ વેલ્સ શાહાજાદા યાને ભવીશનો રાજા પોતાની નામવર મોહોરદાર સાથે આવી ઉતરયાં હતાં; તે દરમેઆન નામવર પ્રીનશેશ આફ વેલ્સને માટે મુંબઈનાં ટાઉન હાલમાં આપણી ટાપુની જુદી જુદી કોમની બાનુઓએ એક જાહેર મેલાવડો તા૦ ૧૮ મી નવેમબરને દીને કરીને તે નામવર બાનુને જુદાં જુદાં માનપત્રો આપ્યાં હતાં—તે વેલા તે માટેની નેમાયલી કમીટીમાં લેડી ધનબાઇને બીજાં મલતાં સેકરેટરી નેમવામાં આવ્યાં હતાં-તે તેમનાં હોધાની રૂહે ટાંઉન હાલનો શણગાર અને બીજી સરવે ગોઠવણો હેવી કરી હતી કે તેવા ફતેહમંદ મેલાવડાને માટે તથા કીધેલી સઘલી ગોઠવણને માટે લેડી ધનબાઇએ એટલી વખાંણ મેલવી હતી કે—નામદાર પ્રીનસેસે લેડી ધનબાઈ ઉપર ખાસ એક પત્ર લખાવીને જણાવ્યું હતું કે—"ટાઉન હાલમાં થયલા મેલાવડાથી તેમજ ભેટ આપવામાં આવેલી આલબમની જે શમજ તેવોએ તે નામદારને પાડી હતી, તેથી તે નામદારને ઘણી ખુશી ઉપજી હતી—જે હમો સદા યાદ કરતાં રહીશું." એજ મેલાવડાનો હેવાલ મુંબઇ ગેજેટનાં લંડનનાં ખબર પત્રીએ લખી મોકલતાં તો હેવું લખ્યું હતું કેઃ—"ઉપલા બાનુઓના મેલાવડા વખતે તેને ફતેહમંદ બનાવા માટે લેડી જાંહાંગીરે જે કીમતી મદદ આપી હતી. તે માટે તેવો મુંબઇનાં રાંણી તરીકે ઓલખાવા જોઇએ." લેડી ધનબાઈનાં હાથમાં આ મેલાવડાનો સઘલો કારભાર હતો, તેથી જો પારશી બાનુ-ઓનું માનપત્ર તેવો પોતે વાંચવા ઉભાં રેહતે તો કરી શકતે, પણ પોતે મોટું મન કરીને અને પોતાનું રેડીમની કુટંબ જે આસનાથી સર જમશેદજી જીજીભાઇ બેરોનેટનાં કુટંબ તરફ હમેશ જોતું આવ્યું છે, તે તરીકા મુજબ આ પોતાને હસતેકનું માનપત્ર નામવર પ્રીનસેસની આગલ વાંચવાનું માન સર જમશેદજી જીજીભાઇ ચોથા બેરોનેટનાં મોહોરદાર લેડી જમશેદજીને આપયું હતું—જેવોએ પોતાના બેટી મીસીસ જરબાઇ જાંહાંગીરજી દાવર પાસે વંચાવ્યું હતું. એ રીતે લેડી જાંહાંગીરે પોતાનો મોટો દીલગુરદો અને ખરો ખાલેશ ખવાશ બતલાવી આપયો હતો. એ રીતે પારસી કોમને લગતા એક મુંબઈનાં મોટા મેલાવડાનું માન લેડી જાંહાંગીરે મેલવયું હતું. તેમ એક ઉમરાવ શેહેરી બાનું તરીકે પોતાની હમજાત ઉપરાંત પરકોમમાં પણ તેઓ મોટું માન ધરાવે છે, જેનો ઘણો જાણવા જોગ દાખલો ગયા નાટાલના તેહવારપર શુરત ખાતે બન્યો હતો, તે એ કે લેડી ધનબાઇ જાંહાંગીર કાવશજી રેડીમનીને ૧૯૦૭ ના ડીસેમબર માસમાં સુરત ખાતે ભરાયલી હીંદી નેશનલ કાનગ્રેશ પ્રસંગે મલેલી બાનુઓની "ભારત મહીલા પરીસદ" ના પ્રમુખ નેમવામાં આવયાથી એવણ અતરેથી તા૦ ૨૯ મી ડીસેમબરે સુરત ગયાં હતાં. જયાં લેડી ધન-બાઇને સારો આવકાર આપી ઘણું માન આપવામાં આવયું હતું. તેમજ લેડી ધનબાઈનાં માનમાં એક ઇવનીંગ પારટીનો મેલાવડો મીસીસ ધનબાઇ કાવશજી મોદી તથા મીસીસ બરજોરજી એદલજી મોદી તરફથી મોદીજીવાલા દરીયાઇ મેહલમાં તા૦ ૩૧ મી ડીશેમબરને દીને કરવામાં આવ્યો હતો. હાજર રહેલાઓએ રીફરેશમેન્ટ લીધા પછી સરવેનો ફોટો પાડવા બાદ મેલાવડો વીસરજન થયો હતો. ઉપલી સરવે જાત ન્યાતની બાનુઓની મહાન "મહીલા પરીષદ" નું પ્રમુખપદ લેડી ધન-બાઇનેજ અરપણ કરવામાં આવયું હતું, અને જે મોટું પદ તેમણે પોતાનાં કાબેલીઅત ભરેલા સુભાખીત ભાષણ તથા ઉંચી કુનેહથી સરવની વાખવાખી વચે બજાવ્યું હતું.

હાવી ઝલકતી કારકીરદીનાં, કુલદીપક, પરમાર્થી એવાં એક જોડાં માટે પારસી જરથો-સ્તીઓ માન તથા મગરૂરી લેય એ સ્વભાવીક છે. સર જેહાંગીર કાવસજી રેડીમનીને બેરો-નેટનો ખેતાબ મલવાની વધાઇ ફેલાતાંજ પારસી કોમમાં ખુશહાલી ફેલાઇ રહી હતી; એટલુંજ નહી પણ પરકોમોમાં પણ સંતોષની લાગણી પ્રગટેલી જણાઈ હતી, અને તે તેમને મુબારક-બાદીના સંદેશાઓ, માનપત્રો વગેરે મોકલીને જાહેર કરવામાં આવી હતી, જેની વીગત હેઠલ

આપવામાં આવી છે. અમે જીગરથી દુવા ચાહિયે છયે, અને તે દુવા કાંઇજ નહી પણ આખી પારસી જરથોસ્તી કોમની દુવાનો પડઘો છે, કે સર તથા લેડી કાવસજી જેહાગીર તેમજ તેમના એક પુત્ર બેટા પણ પુર સુખાકારી તથા જાહોજલાલી સાથ લાંબી જીંદગી જીવો, અને કોમ તથા દેશનાં કલ્યાણનાં જીઆદે કામો કરી કોમ, પ્રજા તથા સરકાર દરબાર તરફનાં માન અકરામ વધુ ને વધુ પામતા રહો—આમીન !

સર જાંહાંગીર કાવશજી બેરોનેટને મલેલા ખેતાબ માટે મલેલી મુબારકબાદીઓ અને થયલા ખાંનપાંનનાં મેલાવડાઓ—ઇત્યાદીની વીગત:—

નામદાર ગવરનર તરફની મુબારકબાદી—સર કાવસજી જેહાંગીરને નામદાર શેહેનશાહે બેરોનેટસીના મોટાં માનથી નવાજ્યા તે વીશે નામદાર ગવરનરે તેવણને નીચે મુજબ મુબારકબાદી આપી છેઃ—

"વાહાલા સર કાવસજી જેહાંગીર, તમોએ તથા તમારા પ્રખયાત પીતાએ જે જાહેર સખાવતો કરી છે તેની પીછાણમાં નામદાર શેહેનશાહે બેરોનેટસીનું માન તમને આપયું છે તે માટે હું તમને દીલોજાનભરી મુબારકબાદી આપું છું. આ બીના જાહેર કરતાં મને મોટી ખુશાલી ઉપજે છે અને હું દીલોજાનથી લેડી જહાંગીરને તથા તમને લાંબા આયુશય અને સુખી જીંદગી ઇચ્છું છું; હું છું તમારો વીશવાસુ, (સહી) જી. એસ. કલારક."

ત્રાન્સવાલનાં ડરબન શેહરની પારસી અનજુમનની એક સભા તા૦ ૮ મી જુને મી૦ અરદેશર એફ. બેગને ખાણુ આપવા માટે મલી હતી; ત્યાં માનવંતા પારસી આગેવાન સર કાવસજી જાહાંગીરને મલેલા બેરોનેટનાં ખેતાબ માટે ખુશાલી બતલાવવામાં આવી હતી.

પુણા, તા૦ ૨૬ મી જુનનાં મલેલા સંદેસામાં જણાવયું હતું કે આજે ઘણાક ગ્રહસથોની મોટી સંખયા રેડીમની વીલામાં નવા પારસી બેરોનેટ સર કાવસજી જહાંગીરને મુબારકબાદી આપવાને હાજર થઈ હતી. હીંદુસતાનના સઘળા ભાગોમાંથી તથા ઇંગલંડથી પણ મુબારકબાદીના તારના સંદેશાઓનો ઢગ આવી પડયો હતો. નામદાર ગવરનરે પણ મુબારકબાદીનો પત્ર લખી તેમની અને તેમના પીતાની મોટી સખાવતોનાં વખાણ કરયા હતાં, કે જે સખાવતનો આંકડો ૩૦ લાખ કરતાં વધુનો થાય છે.

મુંબઈની મયુનીસીપલ કારપોરેશનની એક સભા તા૦ ૨૯ મી જુનની બપોરે ૩ કલાકે મયુનીસીપલ કાઉનસીલ હોલમાં ઓ૦ મી૦ જી. ઓ. ડબલયુ. ડનના પ્રમુખપણા હેઠળ મલી હતી, જે વેલા સભાની શરૂઆતમાં પ્રમુખ ઓ૦ મી૦ ડને જણાવયું કે, આજની સભાનું કામ શરૂ કરવા આગમચ આપણને એક ખુશાલીભરી ફરજ બજાવવાની છે. સર વીઠલદાસ દામોદર ઠાકરસીને મલેલા સર નાઇટના ખેતાબ વીશે જણાવ્યા પછે તેઓ બોલ્યા કે આપણે વલી એ ઉપરાંત આપણા ગોઠીયા મી૦ કાવસજી જહાંગીરને મુબારકબાદી આપવાની છે કે જેવણના પીતાજીને બેરોનેટસીથી નામદાર સરકારે નવાજયા છે. મી૦ કાવસજી ભવીશયના એક બેરોનેટ છે અને તેવણે અતયાર આગમચ પોતાની ઉપયોગી સેવાથી ઘણી સારી કીરતી હાંસલ કીધી છે. (તાલીઓ)"

પુના લેડીઝ કલબમાં થયલો મેળાવડો—સર જેહાંગીર કાવસજી જેહાંગીર બેરોનેટના માનમાં તા૦ ૨૭ મી જુલાઇની રાત્રે પુનાની લેડીઝ કલબમાં એક ખાણું આપવામાં આવયું હતું, જે વેળાએ મકાનને કીટસન લાઇટ તેમજ રંગબેરંગી બતીઓ તથા જાતજાતનાં ફુલોથી શણગારવામાં આવયું હતું. આ ખાણું નામદાર શેહેનશાહની વરસગાંઠની ખુશાલીમાં સર જેહાંગીરને બેરોનેટનાં મોટાં માનની પીછાણમાં આપવામાં આવયું હતું.—પચાસ પરોણાઓ માટે ટેબલ બીછાવવામાં આવી હતી. યુરોપીઅન, પારસી, હીંદુ, મુસલમાન સઘલાઓની હાજરીથી દેખાવ અસાધારણ થયો હતો અને દરેક જણે ખાણાંને સારો ઇનસાફ આપયો. આ ખાણું લેડીઝ કલબનું પેહેલુંજ હતું અને તે ફતેહમંદ નીવડયું હતું. સોમરસેટ લાઇટ ઇનફનટરીનું બેંડ હાજર હતું અને તેણે ઘણુ ઠીક ગમત આપી હતી. હાજર રહેલાંઓ રાત્રે ૮-૩૦ કલાકે ખાણાં ઉપર બેઠા હતાં અને

પ્રમુખસથાને આ૦ મી૦ મયુર મેકેનઝી બીરાજયા હતા. આ ખાણાં ઉપર ઘણીક પારસી તેમજ યુરોપીઅન બાનુઓ અને એક ઇસલામી બાંનુએ હાજરી આપી હતી. ખાંણું પુરું થતાં પ્રમુખે પેહેલી સલામતી નામદાર શેહેનશાહની લેવાડી હતી. પ્રમુખે નામદાર શેહેનશાહની સલામતી લેતાં જણાવયું હતું કે આ વખતે આજના જેવા તદન વફાદાર સાંભળનારાઓને જોઇને તેવણને ઘણી ખુશાલી ઉપજી હતી. પરોણાઓએ આ સલામતીનો ઉભા થઇને જવાબ વાળયો હતો જયારે બેનડે નેશનલ એનથેમના સરોદો વગાડયા હતા.

આ૦ મી૦ મયુર મેકેનઝીએ સર જેહાંગીરની લેવાડેલી સલામતી—પ્રમુખ આ૦ મી૦ મયુર મેકેનઝીએ તે દીવસની પરોણાઓની સલામતી લેવાડી હતી, જેમ કરતાં તેવણે જણાવયું હતું કે આજના દીવસે તેવણને આપણા મીત્રોને માન આપવાના મેળાવડા ઉપર પ્રમુખસથાને બીરાજતાં ખુશાલી ઉપજી હતી અને સર જેહાંગીર અને લેડી જેહાંગીરને તેવણ પોતાના વહાલા મીત્રોમાં ગણવાને હમેશાં ખુશી હતા. નામદાર શેહેનશાહે તેવણ ઉપર બેરોનેટનો બક્ષેલો એલકાબ તદન વાજબી હતો. સર જેહાંગીર પોતાના પીતાને પગલે ચાલતા હતા, કે જેવણનું નામ સખાવત માટે ઘરંગતુ થયું હતું. બાપ બેટાઓ વચ્ચેનો આંકડો સાથે લેતાં તેઓએ સારા અને સખાવતી કામોમાં લખો રૂપયા આપયા હતા અને તે સખાવત જો હું ગણાવવા બેસું તો કલાકોના કલાકો નીકળી જાય. પ્રમુખે તયારબાદ સર જેહાંગીરની શેહેરી તરીકે ઉમંગી જીંદગીના વખાણ કરયાં અને જણાવયું કે તેવણ જાણુતા હતા કે થોડા વખતમાં તેવણ નામ કહાડશે. તેવણે તયારબાદ તે દીવસે થયેલા મેળાવડા માટે ખુશાલી બતલાવી અને જણાવયું કે આવા મેલાવડાથી કોમ કોમોનો તફાવત દુર થઈ જશે. તેવણે જણાવયું કે બીજાઓ ગમે તે ધારે પણ તેવણ માનતા હતા કે એક સારાં ખાણાથી એક બીજો સંબંધ વધુ મજબુત થતો હતો. તેવણે એવી ઇચછા દેખાડી હતી કે ભવીશયમાં આ કલબમાં એવાં સંખયાબંધ ખાણાઓ થાય કે જે જુદી જુદી કોમોને એકત્ર કરવાનું સાંધણ છે અને મારે કેહેવું જોઇએ કે આ કામ પાર ઉતારવામાં મીસીસ અલીઅકબરનું દીલસોઝ હઇડું જોખમદાર છે. તયારબાદ તેવણે લેવાડેલી સલામતી સઘળાઓએ ઉલટ સાથે નોશ કરી હતી.

સર જેહાંગીર કાવસજીએ વાળેલો જવાબ–સર જેહાંગીર કાવશજી જેહાંગીરે ઉપલી સલામતીનો જવાબ વાળતાં જણાવયું કે આ કલબના સભાસદોએ લેડી જેહાંગીર અને મને આજે ખાણાં ઉપર નોતરવા માટે હું તમારો આભાર માનું છું. મને ભાશણો કરવાની ટેવ નહી હોવાથી જો હું બરાબર જવાબ વાળી નહી શકુ તો તે મારી લાગણીની ખુટને લીધે નહી પણ મારી પાસેના પુરતા શબદોની ગેરહાજરીને લીધે હતું. આ૦ મી૦ મયુર મેકેનઝીએ તેવણ અને તેવણના પીતા માટે ઘણા માયાકુળ શબદો કહયા હતા, તે માટે સર જેહાંગીરે બોલતાં જણાવયું કે હું તે શબદોને અરધો પણ લાયક ન હતો. મેં મારા પીતાને પગલે ચાલીને રેડીમની ખાનદાનની આબરૂ જાળવવાને હમેશાં કોશેશ કરી હતી, અને મને આશા છે કે થોડાંક વરસો જતાં નામદાર શહેનશાહે મારા ઉપર કરેલા મોટા એલકાબની નવાજેશને લાયક સાબેત કરવાને હું શકતીવાન થઈશ.

હીંદી અને ઇંગ્રેજ બાનુઓના સરાસરી મેળાવડામાં હાજર થવામાં હું માન અને મોજ લેખતો હતો કે જયાં રાજયકરતા અને રઈયત વચે સારી લાગણી હસતી ધરાવતી હતી. આ કલબ મીસીસ મયુર મેકેનઝીએ શરૂ કરી હતી. એટલુંજ નહી પણ તેની ફતેહ પણ તેવણને આભારી હતી. તેવણની ગેરહાજરી માટે આપણુ સઘળાં દલગીર છીએ પણ તેવણના પાછા ફરવાની આતુરતાથી રાહ જોઇએ છીએ. ઝનાનાવાલી બાનુઓ પણ આ કલબ માટે તેવણના આભારી હતાં. મારી ખાત્રી હતી કે આ વીચારો દરેક સભાસદ ધરાવતાં હતાં. છેવટે હું લેડી જેહાંગીર અને મારી તરફથી તમારી મેહેરબાની માટે આભાર માનું છું.

સરદાર નવરોજી પદમજીએ પ્રમુખનો માનેલો આભાર—સરદાર નવરોજી પદમજીએ પ્રમુખની સલામતી લેવાડી હતી જેમ કરતાં તેવણે જણાવયું કે તેવણે પોતાની અનેક રોકાણો છતાં આજે અત્રે

હાજર થઈ આપણા ઉપર મેહેરબાની કરી છે. એક પારસી બેરોનેટને માન આપવામાં તેવણે હાજરી આપવા માટે હુ તેવણુનો એક પારસી દાખલ આભાર માનું છું. આ૦ મી૦ મયુર મેકેનઝી આજના મેળાવડાનું પ્રમુખસથાન લે એ વાજબી હતું, કારણકે મીસીસ મયુર મેકેનઝીની મેહેનતના પરીણામે આ કલબ હસતીમાં આવી હતી. આ૦ મી૦ મયુર મેકેનઝી આ કલબમાં ઘણાક સાથ ઉમંગથી ભાગ લેતા હતા અને તેવણુ કલબના જવાન અને બુઢા સઘળાઓ સાથે છુટથી વાત કરતા માલુમ પડતા હતા. તેવણુ એક શાંત મગજના અને નરમાશવાળા સક્રોચમેન હતા. આ સલામતીનો ઉલટભરયો જવાબ વાળવામાં આવયો હતો; બાદ મેળાવડો વીસરજન થયો હતો.

મુંબઈની એશીયન કલબે આપેલું ખાંણું–સર કાવસજી જહાંગીરને બેરોનેટનો માનવંત ખેતાબ મળવાથી તેઓના માનમાં અત્રેની પારસી કુટુંબોની એશીયન કલબે એક મોટું ખાણું આપયું હતું. આ વખતે એપોલો ઉપરના એ કલબના મકાનને સુંદર રોશનીથી સણગારવામાં આવયું હતું.

સર કાવસજી પોતાનાં બાનુ અને કુટુંબ સાથ આવતાં તેઓને કલબના પ્રમુખ સર દીનશાહ માણેકજી અને સેકરેટરી મી૦ પાંઉવાળા તથા બીજાઓએ આવકાર આપયો હતો. કેટલોક વખત સુધી અરસપરસ મુલાકાત થવા બાદ સઘળાંઓ ખાણાં ઉપર બેઠાં હતાં–જે પુરૂં થતાં સરનશીન સર દીનશાહે નામદાર શેહેનશાહ અને કુટુંબની સલામતી લેવાડી હતી, જે પછી સર કાવસજી જહાંગીરની સલામતી તાલીઓ વચે લેવાડતાં તેઓના મરહુમ પીતા સર કાવસજી જહાંગીર નાઈટની સખાવતના વખાણ કરી જણાવયું હતું કે સર કાવસજી જહાંગીર જેઓ બેરોનેટસીનો ઉંચો ખેતાબ મેળવવાને નસીબવંત નીવડયા છે તેઓ પણ પોતના મરહુમ પીતાને પગલે ચાલે છે, અને સખાવતનાં કામો કરે છે તથા કેળવણીને ઉતેજન આપે છે. આપણી દુવા છે કે સર કાવસજી જહાંગીર પોતાના કુટુંબ સહીત લાંબી જીંદગી, તનદરોસતી અને આબાદી સાથ ભોગવે (ખુશાલીના અવાજો.)

સર કાવસજી જહાંગીર સલામતીના જવાબમાં બોલ્યા હતા કે સર દીનશાહ, બાનુઓ અને ગ્રહસથો તેમોએ આજે આપેલાં માન માટે લેડી જહાંગીર, મારાં છોકરાંઓ અને મારા તરફથી હું તમારો ખરાં દીલથી ઉપકાર માનું છું. આગળ બીજે ઠેકાણે હું બોલ્યો છું તેમ ખાણા પછી ભાશણ કરવાનું મને પસંદ નથી તેથી જો બરાબર તમારો ઘટતો ઉપકાર નહી માની શકું તો તે મારા તરફની લાગણી નહી સમજવી પણ ઘટતા શબદોની ખામી સમજવી. સર દીનશાહે મારે માટે ઘણા માયા ફુલ શબદો વાપરયા છે પણ હું કહું છું કે તેના અરધા ભાગને પણ હું લાયક નથી. મારા મરહુમ પીતા સર કાવસજીના પગલે ચાલવાને અને મારાં રેડીમનીના કુટુંબની કીરતી પ્રમાણે ચલાવાની મેં હમેશ કોશેશ કરી છે. પણ જેમ વખત જતો જશે તેમ નામદાર શહેનશાહે મને આપેલા મોટા ખેતાબને લાયકનાં કામો હું કરતો જઈશ એવી હું આશા રાખું છું. (તાલીઓ) આવી એક કલબ જે મુંબઈમાં પહેલીજ છે તેના તરફથી આવું એક માન મળે તે ખુશી થવા જેવું છે. ઘણાં વરસ સુધી આવી એક કલબની પારસીઓને જરૂર હતી અને ઘણાં વરસ સુધી સાંજનો વખત પસાર કરવો મુશકેલ જેવું લાગતું હતું. હમણા આપણને આવી એક કલબ મળી છે જે આબાદ થતી જાય છે. એ કલબના ઘણા ફાયદા છે જે લંબાણથી વરણવવું હમણાં મુશકેલ છે. આગળ આપણે મળતા ભેટતા હતા તેના કરતાં હમણાં આપણે કેટલી બધી વખત મળયે છીયે તેનો ખયાલ કરવાનો છે. આપણી પારસી કોમ નાની છે તે છતાં આપણે એક બીજાને આગળ બરાબર જાણી પણ શકતા નહી હતા પણ આ કલબથી એક બીજાને મળવાના બનાવ વારંવાર બને છે અને મને આશા છે કે વખત જતાં વધારે લાભ આ કલબથી મેળવતા જઈશું. આ કલબે આપણા વચે એવી સંસારી જીંદગી દાખલ કરી છે કે જે આપણી કોમમાં દાખલ થવાની આપણા બાપદાદાઓએ સવપને પણ આશા રાખી નહી હશે. હું જણાવવાને ખુશી છું કે આપણાઓ માહેલા કેટલાકોએ આ સુધારાના બાબમાં જે શાહા વીચારો બાંધયા હતા તે અંતે તદન નાપાયદાર નીવડયાછે. મારે એક

બાબદ માટે બોલવાની આ તક ખોવી જોઇયે નહી. બેરોનેટસીનો ખેતાબ મેળવનાર પહેલા હીંદી એક પારસી હતા (તાલીઓ) જે બનાવ ૫૦ વરસ આગળ બનયો છે પણ હાલ સુધી કોઇ પારસી ઈંગલંડની ઉમરાવોની સભામાં દાખલ થઇ શકયો નથી. મારા બંને બેરોનેટ ભાઇબંધો શ્રીમંત અને સારી તનદરોસતીવાળા છે જેઓ માટે મારી અંતઃકરણની દુવા છે કે કોઇ દીવસ એવો આવે કે તેઓ પોતાની કારકીરદીથી ઉમરાવપદ ઉપર આવે. (જોસબંધ ખુશાલીના અવાજો.) સર દીનશાહ તમારો અને સેક્રેટરી મી૦ પાઉંવાળા તથા તેઓને મદદ કરનારાઓનો અને બીજાં બાનુઓ તથા ગ્રહસથોનો, હમોને આપેલાં આ માન માટે ફરીથી એકવાર હું ઉપકાર માનું છું. આ પછી મોડી રાતના મેળાવડો બરખાસત થયો હતો.

સર કાવસજી જાંહગીર બેરોનેટ થયા તેની મુબારકબાદીમાં નવસારીની સર કાવસજી જાંહગીર જરથોસ્તી મદરેસાના શીક્ષકો અને વીદયારથીઓએ માંહોમાંહે ઉઘરાણું કરી એક માનપત્ર જે ઘણુંજ સુંદર રીતે સાટીન ઉપર છાપેલું છે; તે યોગય લેખ સાથના ભપકાવાળા ચાંદીના દાબડામા મુકીને તે સર કાવશજી ઉપર ગયા આગસ્ટ માસમાં મોકલવામાં આવ્યું હતું. તેનો ઘણોજ સભયતાં ભરેલો જવાબ સર કાવસજી તરફથી મોકલવામાં આવ્યો હતો. અને તે સાથે રૂપીઆ ત્રણસો બખશેસ તરીકે મોકલી એ સ્કુલના વડા શીક્ષકને જણાવયું હતું કે એ રૂપીઆ છોકરાઓના સંબંધમાં ગમે તેવી રીતે વાપરવા.

લંડન ખાતે કદમીઓની પપેતીને દીને યુરોપની પારસી એસોસીએશનની આગેવાની હેઠળ એક મેલાવડો કરવામાં આવ્યો હતો, જે વેળા પ્રમુખ સર એમ. એમ. ભાવનગરીએ જણાવ્યું કે આપણી કોમના સંબંધમાં એક બીજો ખુશાલી ઉપજાવનારો બનાવ બનયો છે, તે એ છે કે સર જેહાંગીર કાવસજી જેહાંગીરને થોડુંક થયું બારોનેટનો ખેતાબ બક્ષવામાં આવયો છે. નામદાર શેહેનશાહે પોતાની હીંદી રઇયત ઉપર હમણા ત્રીજીવાર એ ખેતાબની નવાજેશ કીધી છે, અને તે માટે આપણને ખુશી થવાનું કારણ એ છે કે એ ખેતાબ મેળવનાર ગ્રહસ્થ તે કુટુંબના વડા છે કે જે કુટુંબ મરહુમ સર કાવસજી જેહાંગીરની સખાવતોથી નામીચું થવા પામયું છે. સર કાવસજીએ મેળવેલો ઉંચો દરજ્જો સર જેહાંગીર તથા લેડી જેહાંગીરે નીભાવી રાખ્યો છે, અને તેઓને તથા તેઓના બેટાને તેઓને મળેલાં આ નવાં માન માટે હું આપણી તરફથી મુબારકબાદી આપવાની રજા લઉં છું."

સર કાવસજી જહાંગીર બેરોનેટને એડરેસ તથા ખાણું આપવા માટે પુનામાં મલેલી સભા— પુણાના પારસી, હીંદુ અને મુસલમાનોનો એક મોટો મેળાવડો તા૦ ૧૮ મી આગસ્ટની સાંજે બુટી હોલમાં ભેગો મળયો હતો, જયાં સર કાવસજી જહાંગીરને નામદાર શેહેનશાહે બેરોનેટનો ખેતાબ બક્ષયો તે માટે તેમને માન આપવાને શું પગલાં ભરવાં તે માટે વીચાર ચલાવવામાં આવયો હતો. સરદાર પદમજી પ્રમુખસથાને બીરાજયા હતા. સર દીનશાહ પીટીટ બેરોનેટ, ડાકટર ભંડારકર, મી૦ મુદલીયાર અને બીજાઓએ અસરકારક ભાશણો કરી રેડીમની ખાનદાનની સખાવતો માટે ભારે વખાણ કરયાં હતાં. સભામાં એવો ઠરાવ થયો કે સર અને લેડી કાવસજી જહાંગીરને એક ખાણું આપી લાયક એડરેસ આપવું. એ માટે નીચલા ગ્રહસથોની કમીટી નેમવામાં આવી હતીઃ—સર જમશેદજી, સર દીનશાહ, મી૦ બમનજી પીટીટ, સરદાર પદમજી, સર કરીમભાઈ, મી૦ રૂસતમજી બેહેરામજી જીજીભાઈ, મી૦ નારાયન દવારકાંદાસ. સર વીઠલદાસ, સર હરકીસનદાસ, આનરેબલ મી૦ નવરોજજી વકીલ, દસતુર કેકોબાદ, સરદાર કુપુસવાની, ખાનસાહેબ દોરાબજી બુટી, ખાન બહાદુર દસતુર વગેરે.

પારસી કોમનો અંગ્રેજ સરકારના મનપર પોતાની વફાદારીનો છાપ દર તક મલતી વખતે બેસાડે છે. અને હાલ પણ હીંદુસ્થાનના રાજ્યમાં કોઈ કોઈ ઠેકાણે નાલાયક કામો થવાથી તેપર ઘટતો તુચ્છકાર નાખવા માટે, તથા હાલના અશાંતીના વખતમાં પારસી કોમ હમેશના જેવીજ સરકાર તરફ વફાદાર છે તે બતલાવવા એજ બારોનેટે મુખ્ય હીલચાલ કીધી છે. આવી રીતે પારસી કોમને જેબ આપનાર દરેક ભલા કામની આગેવાનીમાં એવણ પુરતો ભાગ આપતા રહેશે તેના વધુ પુરાવાની હવે જરૂર નથી.

વધારો.

ઉપલી વીગતો ઝોરાશટરીઅન કાલેંડરમાં છપાઇ ગયા પછી-સર જાંગીર કાવશજી રેડીમની—બેરોનેટનાં માનમાં બીજા કેટલાક મેલાવડા થયા હતા; જેની વીગત આ ચોપડીમાં નવા ઉમેરા દાખલ નીચે વરણીએ છે:—

શેઠ બમનજી પીટીટની ગારડન પારટી:—સર કાવસજી જહાંગીર અને તેમનાં બાનુનાં માનમાં શેઠ બમનજી દીનશાહ પીટીટ અને તેમના મોહરદારે પુના ખાતેના ગારડન રીચ નામના પોતાના રોનકદાર બંગલામાં તા૦ ૨ જી અકટોબર સને ૧૯૦૮ ને શુકરવારે ગારડન પારટીનો મેળાવડો કીધો હતો. આ મેળાવડો સર કાવસજી જહાંગીર રેડીમનીનાં માનમાં તેમને નામદાર સરકારે બક્ષેલા ઉમરાવી ખેતાબની ખુશાલીમાં તથા તેમને મુબારકબાદી આપવા માટે કરવામાં આવેલો હોવાથી તે બહુજ દમામદાર નીવડયો હતો. મેળાવડામાં જુદી જુદી કોમના જાણીતા ગ્રહસ્થો ૩૦૦ થી ૪૦૦ જણું હાજર હતા. બાનુઓની પણ સારી સંખ્યાએ હાજરી આપી મેળાવડાને વધુ દીપાયમાન બનાવ્યો હતો. શેઠ બમનજી પીટીટના સેકરેટરીએ પરોણાઓને આવકાર આપ્યો હતો, જયારે શેઠ બમનજી અને તેમનાં બાનુ તથા તેમના સાહેબજાદાઓ તથા બેટીઓએ પરોણાઓની સારી મદારત કીધી હતી. કેટલોક વખત પરોણાઓએ એક બીજા સાથે મળવા ભેટવામાં અને વાતચીતમાં તથા ત્યાં હાજર રહેલાં બેંડની ગમતમાં ગુજારવા પછી તેઓ રીફ્રેશમેંટ માટેના ખાસ મંડપમાં બીરાજયાં હતાં, જે વેળાએ સર ફીરોજશાહ મેરવાનજી મેહતાએ, સર કાવસજી અને લેડી જહાંગીરની તંદરોસ્તીની સલામતી ઇચ્છી હતી, જેનો જવાબ સર કાવસજીએ શેઠ બમનજી પીટીટ અને તેમનાં ભલાં બાનુ વીગેરેનો ઉપકાર માની ઘણી દીલસોજી ભરી ભાષામાં વાળ્યો હતો. આ પછી મેળાવડો બરખાસ્ત થયો હતો.

પુણા મધે મલેલો બધી જ્ઞાતનો મેલાવડો:—નવા પારસી બેરોનેટ સર કાવસજી જહાંગીર તથા તેવણનાં બાનુ લેડી જહાંગીરને મુબારકબાદી આપવા થકી પુનાના ખંડવાણી હોલમાં તા૦ ૫ મી અકટોબર ૧૯૦૮ ને સોમવારે સાંજના એક મોટો અને વગવાળો મેળાવડો ભેગો મળયો હતો. એ મેળાવડાની ગોઠવણ કરનારી કમીટી સર ફીરોઝશાહ મેહેતા, સર દીનશાહ પીટીટ, સર કરીમભાઇ ઇબરાહીમ, સર હરકીસનદાસ નરોત્તમદાસ, સર ભાળચંદર ક્રીશણા, સરદાર નવરોજજી પદમજી તથા ખા૦ બા૦ દોરાબજી બુટીની બનેલી હતી. મેળાવડામાં હાજર થયલાંઓમાં નામદાર ગવરનર, મીસીસ મયુર મેકેનઝી, સર ફીરોઝશાહ અને લેડી મેહેતા, આ૦ મી૦ વકીલ, મી૦ અને મીસીસ બમનજી પીટીટ, મી૦ બેહેરામજી જીજીભાઇ, મી૦ રૂસતમજી બેહેરામજી, ડા૦ ભંડારકર, ડા૦ ટામસન, સરદાર નવરોજજી પદમજી અને કુટુંબ વગેરે હતાં. મેલાવડામાં નામદાર ગવરનર સર જયોરજ કલારક આવી પુગતાં કમીટીના ગ્રહસથોએ તેવણને આવકાર દીધો હતો. હાજર રહેલાં બાનુઓ તથા ગ્રહસથોએ કેટલોક વખત વાતચીતમાં ગુજારયા બાદ સઘળાંઓ બંગલાના વચલા દીવાનખાનામાં ભેગાં મળયાં હતાં. તયાં સરદાર નવરોજજી પદમજીએ એક માનપત્ર વાંચી સંભળાવયું હતુ—અને તે રૂપાંના કાસકેટમાં મેલીને સર કાવસજીને એનાયત કરયું હતું. એ માનપત્રમાં પુનાની સઘળી હીંદી કોમો તરફથી સર કાવસજીને મુબારકબાદી આપવામાં આવી હતી, અને સર કાવસજી તથા તેવણના પીતાએ બજાવેલી જાહેર સેવાઓની તેમાં સ્તુતી કરવામાં આવી હતી.

નામદાર ગવરનરનું ભાશણ—માનપત્ર વંચાઇ રહેવા પછી નામદાર ગવરનર સર જ્યોર્જ કલારકે એક ટુંક ભાશણ કરશું હતું, જે દરમનથાન તેવણે જણાવયું કે સર કાવસજીને મળેલા ખેતાબ માટે તેવણને ખાનગી રીતે મુબારકબાદી આપવાની તક મને મળી ચુકી છે, પણ જાહેરમાં મુબારકબાદી આપવાની આજની આ તક પહેલીજ છે. સર કાવસજીના કુટુંબે છેલ્લા બે જમાનામાં કેળવણીના તેમજ સખાવતનાં કામ માટે ઘણુંક કરયું છે. હું આશા રાખું છું કે દેશના ભલાં માટે એવાંજ કામો કરવાનું તેઓ ચાલુ રાખશે.

સર કાવશજીનો જવાબ—નામદાર ગવરનરનું ભાશણ ખુશાલીના અવાજો વચે પુરૂં થવા પછી સર કાવસજીએ પોતાને મળેલાં માનનો જવાબ આપતાં જણાવ્યું કે:—નામદાર ગવરનર સાહેબ, બાનુઓ અને ગ્રહસથો, તમારી મેહેરબાનગી ભરી મેહેમાનદારી માટે, આ માનપત્ર માટે અને તેમાં મને આપવામાં આવેલી મુબારકબાદી માટે હું દીલોજાનીથી તમારો આભાર માનું છું. તવારીખ રૂપી અગત ધરાવનારાં તમારાં આ શેહેરની મુલાકાત હું ઘણાક વરસ થયાં લેતો આવયો છું અને હું તેને ચાહતાં અને તેની રૂતુની ખુબીઓ પીછાનતાં શીખયો છું. આ સેહેરના રહીશોમાં હું ઘણાક મીત્રો ધરાવું છું અને હું આશા રાખું છું કે એ શેહેરની આબાદી ચાલુ રહે. મારા મરહુમ માનવંન પીતાએ આ ઇલાકા માટે જે થોડું ઘણું કરયું તેને હજીબી હેશાનની લાગણી સાથ યાદ કરવામાં આવે છે, તે જોઇને મને સંતોશ ઉપજે છે. હું હમેશ તેવણને પગલે ચાલવાની કોશેશ કરતો રહયો છું. સેવટે નામદાર ગવરનર સાહેબે આજના મેળાવડાને પોતાની હાજરીથી દીપાવયો તે માટે તેવણનો અને આ માનપત્ર માટે તમો બાનુઓ તથા ગ્રસહથોનો હું આભાર માનું છું. નામદાર ગવરનરનાં ભાશાણ પછી મેસરસ પદમજી, ભંડારકર અને રફીઉદ્દીન બેરીસ્ટરે વીવેચન કરયું હતું. એ પછી સઘળાંઓ રીફ્રેશમેંટ લેવા ગયાં હતાં, જયાં નવા બારોનેટની સલામતી નોશ કરવામાં આવી હતી.

સર કાવસજી અને લેડી જહાંગીરને નારગોળ ખાતે મળેલો મોટો આવકાર— તા૦ ૧૩ મી નવેમ્બર ૧૯૦૮ ને દીને નારગોળ પારસી સકુલનાં ઇનામના મેળાવડામાં પોતાની માન ભરી હાજરી આપવાને સર કાવસજી અને પારટી ગ્રાંટરોડથી સવારની ટરેનમાં ઉપડી હતી. રસતામાં પાલગઢ સટેશનપર તારાપોરની પારસી અનજુમન તરફનું માનપત્ર આપવાને એ પ્રસંગે તારાપોરથી જરથોસતીઓ તથા સરકારી અમલદારોનો મોટો મેળાવડો ભેગો મળયો હતો. કેમકે તારાપોરનાં સ્ટેશનપર પુરતો વખત ટરેનને મલતો નહી હોવાથી તારાપોરવાલાઓને પાલગર સ્ટેશનપર આવવું પડયું હતું. ટરેન પાલગઢ સટેશનપર આવતાંજ સ્ટેશન હુરરેના ખુશાલી ભરેલા અવાજોથી ગાજી રહયું હતું. બાદ તારાપોરની પારસી અનજુમનના એક ત્રસટી શેઠ વીકાજી મેહેરજીભાઇએ સર કાવસજીને માનપત્ર એનાયત કરયું હતું. અને તારાપોરનાં જાંણીતા અને માણીતા રહીશ આપણા પ્રખ્યાત કવીરાજ શેઠ દાદી એદલજી તારાપોરવાલાએ રચેલી એક ઉતમ કવીતા સર કાવશજીને ભેટ કરી હતી. ત્યારબાદ ડાહાણુ, ગોલવડ અને ઉમરગામનાં સ્ટેશનોપર પણ જરથોસતીઓએ ફુલ તોરાથી સર કાવસજીને વધાવી લીધા હતા. તે બાદ ટરેન સંજાણ સટેશનપર આવી હતી જે વખતે એ ઉમરાવ પરોણાને માન આપવાને નારગોળ વીગેરે ગામના જરથોસતીઓ મોટી સંખયામાં હાજર થયા હતા. સટેશનપર હાર તુરા એનાયત થયા બાદ સર કાવસજી અને પારટી નારગોળ એક વાગે આવી પહોંચી હતી. એક બેંડ સાથે ગામના સરવે જરથોસતીઓએ ગામની પાદર આગળ જઈ આવકાર આપયો હતો. શુભ પ્રસંગને અનુસરતા સેખોનાં આરકાં મારવામાં આવયાં હતા. સર કાવસજી સાથે તેમનાં નેકનામ મોહરદાર ઉપરાંત—મી૦ જેહાંગીર મરઝબાન, મી૦ દેશાઈ, મી૦ એદલજી તલાટી, મી૦ દીનશાહ પટેલ, ડેપયુટી કલેકટર મી૦ વાસુદેવ, મી૦ રૂસતમ તાલયારખાન વીગેરે હતા.

સકુલના ઇનામના મેળાવડાનું કામ બપોર પછી મરહુમ શેઠ માણેકશાહ જેહાંગીરશાહ તાલયારખાનના બંગલા આગળ નાખવામાં આવેલા એક સુંદર શામયાનામાં શરૂ કરવામાં આવયું હતું-જે વખતે પારસી, હીંદુ તથા યુરોપીયન બાનુઓ તથા ગ્રહસથોનો એક મોટો મેળાવડો ભેગો થયો હતો. શરૂઆતમાં નારગોળ વીગેરે ગામોની જરથોસતી અંજુમનો તરફથી એક સુંદર ચાંદીનાં કાસકેટમાં મેલાયલું નીચલું માનપત્ર સર કાવસજીને આપવામાં આવયું હતું, જે મી૦ ફરામજી રૂસતમજીએ વાંચી સંભળાવયું હતું:—

નારગોળ, તા૦ ૧૩ મી નવેમબર ૧૯૦૮.

" નેકનામ સર કાવસજી જેહાંગીર બારોનેટ જોગ–

માનવંત સાહેબ,

આપ અને કુટુંબ અમારા નારગોળના આ પુરાણાં પારસી કસબામાં આ પહેલવહેલીવાર આવયા છો, તે પ્રસંગે અમો નારગોળ, સરોંડા, તડગામ અને બીજાં આજુબાજુનાં ગામોનાં તમારા હમદીન જરથોસતીઓ આપ અને કુટુંબને ખરાં જીગરથી આવકાર દઇયે છીયે અને આશા રાખયે છીયે કે આ પુરાણા ગરીબ કસબાની આપની મુલાકાત જેમ અમને આનંદકારક નીવડી છે તેમ આપને પણ નીવડે. તમો તથા તમારા મરહુમ પીતાજીએ જે જે આ દેશની કીમતી સેવાઓ બજાવી છે, તે બીનાઓથી અમે અનજાણયા નથી અને તે બાબે હમો પારસીઓ તરીકે મગરૂરી સાથ માન લઇયે છીયે.

સાહેબ અમારો નારગોળનો કસબો ઘણો પુરાણો પારસી કસબો છે. આપણા જરથોસતીઓએ ઇરાનથી નાશભાગ કરી હીંદુસતાન આવી સંજાણમાં ઉતારો લીધો હતો–તયાર પછી પારસી જરથોસતી વસતી આસપાસ જે કસબાઓમાં ફેલાઇ તેમાં અમારો નારગોળ કસબો નજદીકનો હતો.

મુંબઇની પારસી પંચાયતના ત્રસટી સાહેબો મારફતે હાથ આવેલા અમારા કસબાનાં પારસીઓનાં ઇ૦ સ૦ ૧૭ મી સદીનાં કેટલાક પોરટુગીઝ દસતાવેજો અને તેના તરજુમાઓ મુંબઇનાં "ઓંગલો લ્યુશીટાનો" નામનાં પોરટુગીઝ વરતમાન પત્રમાં અને મુંબઇમાં પ્રગટ થતાં પારસી અને જરથોસતી માહવારીઓમાં પ્રગટ થયો છે. એ દસતાવેજો ઉપરથી અમારા કસબાના પારસીઓ બાબે નીચલી હકીકત દીસે છે. આ કસબાના પારસીઓ જેઓ ઉપર તે વખતે પોરટુગીઝ સરકારની સલતનત હતી, તેઓએ પોતાની પોરટુગીઝ સરકારની ઘણી વફાદાર રીતે સેવા બજાવી હતી. તેઓ એ સરકારની પગારદાર લશકરી નોકરીમાં દાખલ થયા હતા, એટલુંજ નહી પણ વળી તેઓએ પોરટુગીઝ સરકારની મુશકેલી વખતે પોતપોતાની વોલનટીયર કંપનીઓ બનાવી તે સરકારની સેવા બજાવી હતી. એવી લશકરી સેવામાં અમારા લનાના કોઇક પારસીઓએ કેપટન અને એનસાઇનના ઓધાઓ વટીક ભોગવયા હતા. પોતાની સરકારની સતુતીપાત્ર સેવા બજાવવા માટેની તેઓની સેવાની કેટલાક સરકારી દસતાવેજોમાં નોધ લેવાઇ હતી.

એ દસતાવેજો વધું આ દેખાડે છે કે અમારા કસબા અને આજુબાજુનાં ગામના પારસીઓ દરીયાઇ વહાણોના ધંધામાં પડયા હતા, તેઓ ગામડી વહાણોના માલેકો હતા અને તે વહાણો મારફતે પોતાનો વેપાર પણ ચલાવતા હતા.

એ દસતાવેજોની ત્રીજી બાબદ અમો માટે જે જણાવે છે તે આ કે અમારા આજથી ૨૫૦ વરસ ઉપરના વડીલો પોતાની જરથોસતી દીન ઉપર ચુસત હતા.

અમો નામદાર ઇંગ્રેજ સરકાર તરફની અમારી લાગણીઓને દરશાવવાની તક લઇયે છીયે.

અમો અત્રેના પારસી જરથોસતી વતનીઓ એક કોમ તરીકે જે સુખ અને આબાદી ભોગવયે છીયે તે માટે ઇંગ્રેજ સરકારને ઘણુા આભારી છીયે. આજ વરસો થયાં ખેતી અને આબકારીના ધંધાઓમાં મેહેનત અને ખંતથી કામ કરી અમારો ગરીબ સંસાર અમો સુખી કરવાની દરેક કોશેશ કરીયે છીયે. આ બે ધંધાઓ સીવાય અત્રેના ગામોના જરથોસતીઓને ધંધા રોજગારનુ

બીજું કાંઇએ સાધન નથી, અને તેનું મુખય કારણ એ છે કે અમો ગામવાસીઓ કેળવણીની બાબદમાં ઘણુજ પછાત છીયે. અગારી ગરીબ ગુંજાસ પ્રમાણે અમોએ બનતી કોશેશ કરી, અત્રેના જરથોસતી છોકરાઓને કેળવણી આપવાની શરૂઆત કરી છે, જો કે તે કોશેશો નાણાંની પુરતી મદદની ગેરહાજરીને લીધે મનમાનતી થઈ નથી. અમારે સારે ભાગયે હાલના અમારી નારગોળ સકુલના પ્રેસીડંટ માનવંત મી૦ રૂસતમજી પેસતનજી જહાંગીરની નેમણુંક અત્રેના જીલ્લામાં થઇ અને તેવણુની તથા તેઓનાં ધણીઆણીની ખંત અને મેહેનત હેઠળ અમો આ સકુલ સથાપવાને નશીબવંત નીવડયા છીયે. અમારે શારે નસીએ અમારા લોકપ્રીય કલેકટર મેહેરબાન જે. એલ. રયુ સાહેબ પણ આ નીશાળને સારા પાયા ઉપર લાવવાને ઇંતેજારી દેખાડે છે ને અમને દરેક રીતે ઉતેજન આપયું છે.

અમો આશા રાખયે છીયે કે અમો અમારી પાક નેમમાં અંતે ફતેહ પામીશું ને તમારા જેવા નામદારોની અમારા તરફ સદા દીલસોજી ચાલુ રહેશે.

સેવટે અમો દુવા ગુજારયે છીયે કે અહુરમજદ તમો અને કુટુંબને સુખી અને આબાદ રાખો અને તમારા હમદીન ટોળાને, તમારાં શેહેરને, અને તમારા દેશને સદા ઉપયોગી નીવડવાને તમને તે દીરતાર સદા શકતીમાન રાખે."

તે બાદ સકુલનો શરૂઆતથી રીપોરટ હેડ માસતર મી૦ માણેકજી મુનશીએ ખુલાસાવાર વાંચી સંભળાવયો હતો, તેમાં આઠ માસની ટુંક કારકીરદીમાં સકુલે કરેલો સારો દેખાવ રજુ કરેલો માલમ પડયો હતો. તયાર બાદ સકુલના ચેલાઓએ ઇંગ્રેજી તથા ગુજરાતી રેસીટેશનો કહી સંભળાવયાં હતાં, જે વખતે વારંવાર તાલીઓના અવાજ થયા હતા—જેમાં માસતર રૂસતમ પેસતનજી કે જેવણુ ફકત પાંચ વરસના એક બુચા હોવા છતાં છતાદાર ઈંગ્રેજી રેસીટેશન કહી સંભળાવયું હતું. તે બાદ લેડી જહાંગીરે પોતાના મુબારક હાથે સકુલના ફતેહમંદ છોકરાઓને ઇનામો વહેંચી આપયાં હતાં. તેમજ જે. એલ. રયુ સકોલરશીપ, માણેકશાહ દાજીભાઈ મલાવવાળાને આપવામાં આવી હતી.

તે બાદ સરનશીન સર કાવસજીએ એક ટુંક પણ અસરકારક ભાશણમાં આટલા વખતમાં એ સકુલે કરેલા આવા સારા દેખાવ માટે પોતાનો સંતોશ જાહેર કીધો હતો અને સકુલના લાગતા વળગતાઓને આગ્રહ કરયો કે છોકરાઓને પોતાના રાજ કરતા તરફ હમેશાં વફાદાર રહેવાને સબકો આપતા રહેવું. સરકારી અમલદારો પોતાની રઇયતમાં ભેળાતા નથી વગેરેના જે આરોપો સમજીયે છીયે તે કલેકટર મી૦ રયુએ ઘણોજ સંતોશકારક રીતે ખોટો પાડયો છે. આટલા ટુંક વખતમાં મેં એમની બાહોશી અને રઇયત તરફની લાગણી ને સકુલને જે ઉતેજન આપયું તે માટે હું તેઓનો આ તંક આ ઉપકાર માનું છું. તે બાદ મી૦ રૂસતમ પી૦ જાંહાંગીરે, સર કાવસજી અને જહાંગીર મરઝબાન જેવા સાહેબોએ પોતાના અમુલ્ય વખતનો ભોગ આપી આજે અત્રે હાજર થયા અને લાગતાવળગતાઓને જે ઉતેજન આપયું તે બદલ સરવેનો દીલોજાનથી ઉપકાર માનયો હતો, અને એ સકુલ કેમ સથાપવામાં આવી તે બદલ તેવણે ટુંકમાં પીવેચન કરયું ને મરહુમ શેઠ માણેકશાહ જેહાંગીરશાહ તાલયારખાનની યોગય સતુતી કરીને ભારે ખુશાલી વચે જણાવયું કે તેઓના સાહેબજાદાઓ ભાઇ કેખશરૂ વીગેરેએ કાંઇ પણ ખુશામત વગર પોતાની અત્રેની કીંમતી બીલ્ડીંગ કેટલીએક શરતો સાથે સકુલના વપરાસ માટે સકુલ કમાટીને ભેટ આપી છે અને હવે પછી એ સકુલ માણેકશાહ જેહાંગીરશાહ તાલયાર-ખાનના નામથી ઓળખાશે. મુંબઇના ડાકટર મોદીએ પોતાનાં મરહુમ ભાઇ રતનશાહ મોદીની યાદગીરીમાં રૂ૨૦૦) તથા શેઠ મનચેરજી મુલ્લાંફીરોજ જેઓ પોતે ઘણીજ સાધારણ સથીતીમાં છે તે છતાં બસો રૂપીઆની રકમ આપી છે. વળી સર જેહાંગીરે આ સકુલના છોકરાઓને કપડાં કરાવી આપવાને પોતાની મીલમાં ખાસ બનાવેલા પચાસ તાકા કપડાંના ભેટ આપયા છે.

સર કાવશજીએ સ્કુલ કમેટીનો વલતો ઉપકાર માનવા પછે, મી૦ જાહાંગીર મરઝબાને એક રમુજી તથા બોધકારક વીવેચન કરી એ સકુલની આબાદી ચાહી હતી. તેઓએ જણાવયું કે નારગોળમાં આવવાનું પહેલાં તો મારૂં નકી નહી હતુ, તેટલામાં જયારે મારા મીત્ર મી૦ રૂસતમે મને પોતાના ભાશણમાં ઠેસવયો તયારે બે બોલ બોલવાની મને ફરજ પડી છે, મી૦ મરઝબાન બોલયા કે હું અંતઃકરણથી કહું છું કે આ પ્રસંગ માટે તમોએ ઘણાજ લાયક ગ્રહસથને આજનું પ્રમુખસથાન આપયું છે. જેટલું એવણે અને એવણનાં કુટુંબે કેળવણીની બાબદમાં કરયું છે તેટલું થોડાએજ કરયું હશે અને તમારે પકી ખાતરી રાખવી કે એવણના આવયાથી તમારી સકુલને સંગીન ફાયદો થશે. સર કાવસજીએ જે વફાદારી માટે બોધ આપયો છે તે મુજબ હું એવી સુચના કરૂં છું કે જયારે છ માસ પછી અમારી પારટી પાછી આવે તયારે સકુલ સાથે છોકરીઓની એક સકુલ પણ સથાપન થયલી જોવાની તક મળે.

એ મુજબનું મી૦ મરઝબાનનું બોલવું પુરૂં થયા બાદ મી૦ શાપુરજી ભીખાજી પટેલે આપણા નામદાર શેહેનશાહ તથા સર કાવસજી અને લેડી જેહાંગીર માટે હુરરેના પોકારો કરાવયા હતા.

તે પછી સકુલનો મેળાવડો બરખાસત થયો હતો, અને ચા પાણી લીધા બાદ ખુશાલીના પોકારો વચે આખી પારટી ઉદવાડે જવાને ઉપડી ગઇ હતી. એવણનાં માનમાં આજે આખ ગામમાં રોશની કરવામાં આવી હતી, અને આવા શુભ પ્રસંગ માટે માલીટરી સ્ત્રીગ બેંડ ખાસ આવયું હતું.

સર કાવસજી જહાંગીરની પારટીને ઉદવાડામાં મલેલો આવકાર.— સર કાવસજી જહાંગીર રેડીમની બારોનેટ, લેડી ધનબાઇજી કાવસજી રેડીમની, બાઇ કુવરબાઇ કાવસજી જહાંગીર, બાઈ મેહેરબાઇ કાવસજી જહાંગીર તથા પારટી નારગોળ થઇને તા૦ ૧૩ મી અકટોબરની રાત્રે ૭ વાગે ઉદવાડા સટેશનપર ઉતરયાં હતાં, જયાં તેઓને આવકાર દઇને ફુલના તોરા તથા હારો આપી માન આપવામાં આવયું હતું. તેઓએ પીટીટ શેઠોના અત્રેના બંગલાઓમાં ઉતારો લીધો હતો. તા૦ ૧૪ મીની સવારે ૯ વાગે તેઓ આતશબેહેરામમાં બંદગી કરવા ગયા હતા. તયાં ગામના સરવે મોબેદોને નીઆયેશ ભણવા પધારવાનું ઈજન કરવામાં આવયું હતું. દરેક મોબેદને રૂપા નાણું વહેંચાણ કીધું હતું. તયારબાદ આતશબેહેરામના હાલમાં અંજુમન તરફથી ઉદવાડાના દસતુરજી ખુરશેદજી તથા દસતુરજી પેશુતનજી મીરજાએ ફુલ તોરા તથા હારોનો સરપાવ સર કાવસજી રેડીમની બારોનેટ, લેડી ધનબાઇ, તેઓની બેટીઓ તથા શેઠ જેહાંગીર બહેરામજી મરઝબાનને આપી માન આપયું હતું ને જણાવયું હતું કે તમો માનવંત સાહેબોની અત્રે પધરામણી થવાથી અમારી આખી અંજુમન ઘણી ખુશી થઈ છે.

મી૦ જહાંગીર બેહેરામજી મરઝબાનને ફુલોના તોરા તથા હાર આપી માન આપતી વખતે દસતુરજીઓએ આખી અંજુમન તરફથી મી૦ મરઝબાનનો ઉપકાર માની જણાવયું કે આપ સાહેબે અમારા ગરીબ ગામને માટે ઘણું ભલું કીધેલું છે. તેથી અમારી અનજુમન તમારો મોટો ઉપકાર માને છે. આપની પધરામણીથી અનજુમન ઘણી ખુશી થઇ છે. તે પછી મરહુમ સર દીનશાહજી માણેકજી પીટીટ બેરોનેટની દરેહમેહેરમાં સઘળાંઓ બંદગી કરવા ગયાં હતાં. તયાંથી બધાં પોતાના મુકામ ઉપર પધારયાં. સાંજે ૩ વાગે ગામનાં લાચાર બેચારોને તથા ગામનાં તમામ બહેદીનોને રૂપાં નાણાંનું વેહેચાણ કરવામાં આવયું હતું. તા૦ ૧૫ મીની સાંજે ૪ વાગેની મુંબઈ જતી ફાસટ ટરેનમાં એ માનવંત પારટી મુંબઇ ઉપડી ગઈ હતી.